


પુસ્તક ૨ જું.] આસો: વીર સંવત ૨૪૬૮ [અંક ૧૨



તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક :
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

વાર્ષિક લવાજમ.] **વિષય–દર્શન.** [રૂપિયા, અઢી.

## આસો,–કારતક વિ. સં. ૧૯૯૮–૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| "સ્વાર્થી–સંસાર" | મુનિશ્રી રામવિજયજી. | ૩૭૩ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्य श्री जयसिंहसूरीजी.** | ૩૭૪ |
| શ્રીસુપાર્શ્વનાથ સ્તવનમ્ | સધાણી કાળીદાસ નેમચંદ. | ૩૭૫ |
| **॥ तपःकुलकम् ॥** | **जैनाचार्य श्री विजयपद्मसूरीजी.** | ૩૭૬ |
| શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરીજી. | ૩૭૭ |
| શ્રીગૌતમસ્વામિ વિલાપ. | બાબુલાલ મનસુખલાલ શાહ. | ૩૭૯ |
| **शास्त्र सम्मत मानव धर्म और मूर्तिपूजा.** | **मुनिश्री प्रमादविजयजी म. (पनालालजी)** | ૩૮૧ |
| "પ્રશ્નોત્તર કલ્પલતા" | જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરીજી. | ૩૮૩ |
| **चटपटी अजब मीठाईका स्वाद चाखीये.** | **मुनिश्री भद्रानन्दविजयजी.** | ૩૮૬ |
| અર્હંત દર્શન અને ઇશ્વર. | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. | ૩૮૮ |
| **ॐकार स्तोत्रम्.** | **मुनिश्री प्रेमविमलजी.** | ૩૯૦ |
| અભક્ષ્ય કંદમૂળ સ્વરૂપ. | મુનિશ્રી રામવિજયજી. | ૩૯૧ |
| પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત. | મુનિશ્રી દક્ષવિજયજી. | ૩૯૩ |
| "નૂતન પંથીઓથી સાવધાન" | અમદાવાદી અનુભવી. | ૩૯૫ |
| શ્રી સામાન્ય જીણંદ સ્તવનમ્ | મુનિશ્રી સુશીલવિજયજી. | ૩૯૯ |
| "મનસાગરનાં મોજાં" | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૪૦૦ |
| જૈન યુવક સંઘોની જરૂર. | મુનિશ્રી કપૂરવિજયજી. | ૪૦૧ |
| **संसार परिवर्तन शील है** | **मुनिश्री कुशलविजयजी.** | ૪૦૨ |


વદિ ૩ મંગળ રોહિણીદીન.
વદિ ૫ ગુરૂ શ્રીસંભવનાથ કેવલદીન.
વદિ ૧૨ ગુરૂ શ્રીપદ્મપ્રભુ જન્મ અને શ્રીનેમિનાથ ચ્યવનદીન.
વદિ ૧૩ શુક્ર શ્રીપદ્મપ્રભુ દીક્ષા અને ધનતેરસદીન.
વદિ ૦)) રવિ શ્રીમહાવીરસ્વામી નિર્વાણ, દિવાળી પર્વ અને વહી પૂજનદીન.
સુદિ ૧ સોમ નૂતન વર્ષારંભ અને શ્રી ગૌતમસ્વામી કેવલદિન.
સુદિ ૩ બુધ શ્રીસુવિધિનાથ કેવલદીન.
સુદિ ૫ શુક્ર શ્રીજ્ઞાનપંચમીદીન.
સુદિ ૭ શનિ ચૌમાસી અઠાઇ પ્રારંભ.
સુદિ ૧૧ બુધ પં. શ્રીસૌભાગ્યવિજયજી મહારાજ નિર્વાણદીન.
સુદિ ૧૨ ગુરૂ શ્રીઅરનાથ કેવલદીન.
સુદિ ૧૪ શનિ ચૌમાસી ચૌદસદીન.
સુદિ ૧૫ રવિ શ્રીસિદ્ધાચલ યાત્રા પ્રારંભ, શ્રીહેમચંદ્રાચાર્ય જયંતિ અને કાર્તકી પુનમદીન.

### પંચાંગ.

સુદિ ૬ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| વ૧૧ | રવિ | ૨૫ |
| ૨ | સોમ | ૨૬ |
| ૩ | મંગળ | ૨૭ |
| ૪ | બુધ | ૨૮ |
| ૫ | ગુરૂ | ૨૯ |
| ૬ | શુક્ર | ૩૦ |
| ૭ | શનિ | ૩૧ |
| ૮ | રવિ | ×૧ |
| ૯ | સોમ | ૨ |
| ૧૦ | મંગળ | ૩ |
| ૧૧ | બુધ | ૪ |
| ૧૨ | ગુરૂ | ૫ |
| ૧૩ | શુક્ર | ૬ |
| ૧૪ | શનિ | ૭ |
| ૦)) | રવિ | ૮ |
| સુ૧ | સોમ | ૯ |
| ૨ | મંગળ | ૧૦ |
| ૩ | બુધ | ૧૧ |
| ૪ | ગુરૂ | ૧૨ |
| ૫ | શુક્ર | ૧૩ |
| ૭ | શનિ | ૧૪ |
| ૮ | રવિ | ૧૫ |
| ૯ | સોમ | ૧૬ |
| ૧૦ | મંગળ | ૧૭ |
| ૧૧ | બુધ | ૧૮ |
| ૧૨ | ગુરૂ | ૧૯ |
| ૧૩ | શુક્ર | ૨૦ |
| ૧૪ | શનિ | ૨૧ |
| ૧૫ | રવિ | ૨૨ |

× નવેમ્બર. ૩૦

દ્વારાઃ–વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૨ જું. આસો, સં. ૧૯૯૮. અંક ૧૨ મો.

## સ્વાર્થી-સંસાર.

રચયિતાઃ પૂ. આ. શ્રી વિજયનેમિસૂરિશ્વર પ્રશિષ્ય મુનિ શ્રી રામવિજયજી મ.

(ગતાંક પૃષ્ઠ ૩૩૭ થી અનુસંધાન)

### સવૈયા એકતીસા.

દીન માસો ને વરસો જાતાં, શેઠજ લેતાં પરદેશ વાટ,
બાલ સ્નેહી મિત્ર આવી, પુછે તેને ઘરના ઘાટ;
સાંભળ બુદ્ધિ ધન તું મિત્ર, કેવા દિશે કર્મના થોક,
દુખડાં કહેતાં પાર ન આવે, જાણે સરવે ગામના લોક. (૭)

બુદ્ધિ ધન કહે તું સાંભળ, મારા મિત્ર મારા ઉદ્ગાર,
બુદ્ધિ બળથી યુક્તિ આપુ, જેવા લક્કડ તેવા કુહાર;
વિનય નીતિના સુંદર ફળો, સ્વાર્થી દોષે કટુ વિપાક,
કર્મ પરિણામી રાજા આપે, સાચા શાસ્ત્રે સાચી વાત. (૮)

એક તીજોરી પ્રાચીન સારી, માંહિ ભરીયા પત્થર સોર,
તાળા કુંચી મજબુત વાશી, યુક્તિ આપે છે આવાર;
બુદ્ધિધન બુદ્ધિને દેતો, ગયો પોતાના ઘર આવાસ,
શેઠે પાઠો ભજવ્યા સારા, પરિજન પામે પૂર્ણ વિશ્વાસ. (૯)

કુદરત સાચી જરા નહિ કાચી, અદલ ઇન્સાફે જગમાં વ્યાપી,
ધારા શાસ્ત્રી બની રૂપધારી, ન્યાયો આપે પુસ્તક વાંચી;
આમ્ર ફળના બીજ વાવે તો, મધુર રસ અર્પે છે સાર,
નિંબ ફળોના કટુક રસોને, દેતાં નહિ તે લગાડે વાર. (૧૦)

પંદર પંદર દિનના વારા, ભોજન માટે કરે ઠરાવ,
પ્રથમ દિને કંચનગૌરી, ભોજન લાવી સુણો પ્રસ્તાવ;
ટાઢાં ભાત ને ટાઢી પુરી, ઉંચા સ્વરે આપે આય,
છુંદો, મોરબ્બો ને શાકો, તેના દર્શન ક્યાંથી થાય. (૧૧)

ઉંમર નો ડુંગર થયા ને, પાદર થયાં દેશવિદેશ,
ગોળી તો ગંગાજળ ઠામે, માથે ઉજળાં થયાં કેશ;
બત્રીસ દાંતોમાંથી એકે, મુખમાં દાંતજ નહિં જણાય,
જઠરાગ્નિ તો ધીમે ચાલે, ઠંડુ ભોજન કેમ જમાય. (૧૨)

(અપૂર્ણ.)

## ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

(जैनाचार्य श्री जयसिंहसूरीजी तरफथी मळेलुं.)

( ગતાંક પૃષ્ઠ ૩૩૯ થી અનુસંધાન. )

तबतिन चित्र सकल समझावा, पंडितानें निश्चय हो जावा।
इशानकल्प श्री प्रभहीं विमाना, यहि ललित मम जीव पिछाना॥
स्वयंप्रभा यह सुन्दर नारी, महा सती पति आज्ञाकारी।
द्वितिय जन्म निनार्मी कहावा, अम्बर तिलक भूधर पर आवा॥
पुनि यगंधर मुनिवर टिग आई, अनशन वृत लीना हर्षाई।
द्रढ़धर्मा उपदेशसे, आया मैं तिन पास।
मुझ दर्शन करके तुरत, हुइ निनार्मी नास॥
पूर्व जन्म कर रुप सुहावा, वृत प्रभाव निनार्मी पावा।
स्वयंप्रभा मुज मिली पियारी, इहि विधि समय गया सुखकारी॥
पुनि नंदीश्वर दीपमें, आया जिनवर द्वार।
पूजन कर तीरथ चला, मार्ग चव्यन होनार॥
रानी रही बनही असहाया, पुनि मम जीव लोहागल आवा।
चीत्रमाहिं यह नारी हमारी, बिन अनुभव नहीं जानन हारी॥
यह सुन पंडिता अति हर्षाइ, तुरत राजकन्या पहं आई।
औषध सम कहदी सब बाता, सुन कुंवरी मन हो गइ साता॥
सबहिं बात पितु सन कहवाई, राजा सुन चिंता बिसराई।
तुरंत कुंवर बुलवाय कर, किया लग्न तत्काल।
कुंवर कुवरी दानो मिले, मिटा विछोह विहाल॥
श्रीमती वज्रजंघ सुख पाया, कर विवाह आये निज राया॥
स्वर्ण जंघ नृप मन अनुमाना, सौंप कुंवर सब राज्य खजाना।
वज्र जंघ हुआ सब लायक, राज प्रजा सबहीं सुख दायक॥
मैं दिक्षा ले जन्म सुधारूं, अष्ट कर्म कर शत्रु मारूं।
इमि मन ठान बुलाय कुमारा, किन्ह महोत्सव सोंपा भारा॥
पुनि दिक्षा ले त्यागी जाला, अंतिम दिन तक धर्म संभाला।
वज्रसेन नृपनें उधर, किया ब्याइ सम काम।
राज्य सोंप निज पुत्रको, दिक्षा ली सुख धाम॥
इधर हुए श्री वज्रजंघ राजा, भोग विलास करत सुख साजा॥

यहि विधि बीतत दिन अरु राती, हुइ तबहिं पुत्रवर प्राप्ती।
हुआ राज ग्रह मंगल भारी, सबहिं हुआ जो मंगलकारी॥
उधर श्रीमती पीयर साहीं, शत्रु आन करी उत्पाही।
युद्ध करन हित दूत पठावा, पुश्कर तब चेतन हो जावा॥
बहनोइ तब तेड़ बुलावा, वज्रसंघ तब अति हर्षावा।
वज्रसंघ तब किया पयाना, श्रीमती संघ चलन मन ठाना॥
पुनि तव पति सन आज्ञा मागी, लीनी संघ नृप निज अर्धांगी।
पुण्डरिकिणी नगरी महं आये, पुष्कर पाल नृप अति हर्षाये॥
पुनि नानाविधि भइ लड़ाई, शत्रु सेन तव अति घबराई।
भगे शत्रु सब ले निज प्राणा, शत्रु नृप तब शरण बखाना॥
पुस्कर पाल नीतिनिधि राजा, सन्माने श्री वज्रजंघ राजा।
वज्र जंघ नृप विदा पुनियांची, पुष्कर नृपहिं प्रीति अति सांची॥
लेय विदा श्रीवज्रजंघ राजा, राजभवन निज चले सुख साजा।
चलत मार्ग बीहड बन आवा, ताहि तहां नर देव दिखावा॥
तिनहिं देख नृप पूछन लागा, यहि बन किमहोवत सुख सागा।
यह सुनि चतुर कहेउ सुखपाई, केवली हुए दोय मुनि राइ॥
करन महोत्सव देव पधारे, ते प्रभाव फणी जहर विदारे।
सगरसेन मुनिसेन हे नामा, यहि बन दरश देत सुख धामा॥
दोय मुनि एक सहोदर भाई, चंद्रसूर्य सम तेज सुहाई।

(अपूर्ण)

## ॥ શ્રી સુપાર્શ્વનાથ સ્તવન ॥

રચયિતા–સંઘાણી કાળીદાસ નેમચંદ. (મોરવાડા)

શ્રી સુપાર્શ્વનાથ તુજ વિનવુ, શરણે રાખો મહારાજજી,
આપ સમ અવર કો નહીં, મુજ તારણ હીરજી ॥૧॥ સુ.
પ્રતીષ્ટિત રાજાના પુત્ર છો, પૃથ્વી માતાના નંદજી,
સાત મહા ભય ટાળીયા, વાણારસી નગરીના રાયજી. ॥૨॥ સુ.
મોરવાડા નગર સોહામણું, વસે વર્ણ અનેકજી,
જૈન ધર્મ અતી શોભતો, ધર્મે સુખ વર્તાયજી. ॥૩॥ સુ.
આપ મુર્તિ મનોહર દેખીને, મન મારૂં હરખાયજી,
દર્શન કરી દાદા આપનું, સીધ્યાં સઘળાં મુજ કાજજી. ॥૪॥ સુ.
સદગુણ રાગી ગુરૂ મળ્યા, કર્પુર વિજય વિખ્યાતજી ॥
જેના દર્શનથી સુખ પામીયે, કાળીદાસ તસ દાસજી. ॥૫॥ સુ.

## ॥ श्री तपःकुलकम् ॥

॥ कर्ता-आचार्यश्री विजयपद्मसूरिः ॥

॥ आर्यावृत्तम् ॥

पणमिय सिरिपरमिट्ठी-परमिक्कुवयारिणेमिसूरि गुरुं ॥
सिरितवकुलगं हरिसा-रएमि सिरिसंघकल्लाणं ॥१॥
लहुकम्मिय भव्वा जं-कुणंति बहुकम्मणिज्जरट्ठाणं ॥
तमिह तवं विण्णेयं-णामाइ पहूयभेएहिं ॥२॥
जस्स तवत्तहि हाणं-णामतवं तं तवस्सि पडिमाओ ॥
ठवणा तवं विभेया-गुण गुणवंताण दुण्हंपि ॥३॥
एयस्स गुणत्ताओ-ठवणा होज्ज ण णिदंसिया गुणिणो ॥
विहि बहुमाणविहीणं-भवत्थकामं तवं दव्वा ॥४॥
केवल कल्लाणट्ठं-नाण खमा संजुयं महुल्लासा ॥
णिक्कामभावचंगं-किज्जइ तं होज्ज भावतवं ॥५॥
णंदीए उच्चरणं-गुरुणो पासम्मि भव्व विहिपुव्वं ॥
सिद्धमुहुत्ते तत्तो-भावतवाराहणा होइ ॥६॥
तवनाणी तवतत्त-त्थभावणा थिरुवओगि भव्वजिओ ॥
आगमभावेण तवो-नोआगमओ सकिरिओ से ॥७॥
तवकारगेहि हियए-धिज्जखमासंति सरलया तोसे ॥
समुचिय निद्दाहारे-तण्हा परिहारणम्मत्ते ॥८॥
संसारियफलणिच्छा-गुरुसेवा सहणसीलया विणए ॥
निंदाऽभावविवेए-कम्मक्खयभावणा करुणा ॥९॥
आरुग्गं विहिरागं-मंदत्तं रागदोसपमुहाणं ॥
धरिऊणं कायव्वं-तवं महुस्साहवुड्ढीए ॥१०॥
चियकम्मायलवज्जं-विसयग्गि जलापवग्ग सग्गदयं ॥
करणाहि मंततुल्लं-विग्घतिमिर तिग्गरस्सियरं ॥११॥
अडवीसलद्धिवल्ली-मूलं जिणसासणे तवं भणियं ॥
परमप्पहावकलियं-कुणंतु भव्वा ! विणोया तं ॥१२॥
जहरण्णं परिदहिउं-सत्तो दावाणलो ण चेवण्णो ॥
एवं ण विणा मेहं-काउं दावाणलं संतं ।१३॥

[अपूर्ण.]

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૩૪૫ થી અનુસંધાન. )

આવા અરિહંત પ્રભુની સ્તુતિ આપણે કેવા શબ્દોમાં કરવી જોઇયે તે હવે જણાવીયે છીયે, જેનો છેડો દેખાતો નથી એવા સંસાર રૂપિ સમુદ્રમાં બૂડેલા જીવોને તારનારા હે પ્રભો? આપની સેવામાં હાજર રહેલા સેવકને શું આપ ભૂલી ગયા? જો તેમ ન હોય, તો હે લોકબાંધવ! આપનું શરણું લીધું છતાં મને આપ તારવામાં શા માટે વિલંબ કરો છો? ૧-દયાના ભંડાર એવા હે અરિહંત પ્રભુ! શરણે આવેલા અને દુઃખી બનેલા એવા આ દાસને આપ જે સંસારરૂપી સમુદ્રમાંથી તારવામાં વિલંબ કરો છો, તે શું વ્યાજબી ગણાય? અર્થાત્ નજ ગણાય. ૨ હે દયાળુ પ્રભો! આપે મને સંસારરૂપી ભયંકર અટવીમાં હરિણના બચ્ચાની માફક એકલો રખડતો મૂક્યો? આપના જેવા મહા પુરૂષ જો આવી રીતે ઉપેક્ષા કરશે, તો હું તે અટવીમાં આપના વિના ગભરાઇને મરી જઇશ, માટે આપને તેમ કરવું ઉચિત ન ગણાય. ૩ હે પ્રભો! આપ અનંત વીર્યના ધણી છો, અને દુઃખી જીવોને આશ્વાસન આપનાર છો! માટે આપ કૃપા કરીને મને સંસારરૂપી અટવીમાંથી બ્હાર કાઢી નિર્ભય બનાવો. ૪ હે નાથ! જેમ સૂર્યવિકાસી કમલો સૂર્યના પ્રકાશ વિના વિકસ્વર ન થાય, તેમ હે પ્રભો! આપના સિવાય મને કોઈ પણ મુક્તિપદ આપી શકે તેમ નથી. ૫ હે પ્રભો! હું ફક્ત મુક્તિનેજ માગું છું, છતાં આપ મને તે આપતા નથી, તો તે બાબત હું આપને પૂછુ છું કે શું તે મારા બાંધેલા કર્મોનો દોષ છે? અથવા મારો આત્માજ ખરાબ છે? અથવા આ પંચમકાલનો દોષ છે? અથવા શું હું ભવ્ય નથી? અથવા શું આપના પ્રત્યેની મારી ભક્તિમાં કચાશ છે? ઉપર જણાવેલા કારણોમાંનું શું કારણ છે? કે જેથી આપ મને મુક્તિપદ નથી આપતા. તે આપના સિવાય બીજો કોણ જાણી શકે? ૬ હે પ્રભો! હું નિખાલશ દીલથી સ્પષ્ટ શબ્દોમાં આપને જણાવું છું કે આ જગતમાં આપના સિવાય મારે બીજા કોઇનું શરણું નથી. ૭ હે પ્રભો! આપ મારા ખરા પિતા સમાન છો, ખરી માતાના સમાન, ખરા ભાઈ સમાન, અને સાચા ગુરૂ સમાન જો હોય, તો પણ આપજ છો. ૮ હે નાથ! જેમ જલ વિનાની ભૂમિ ઉપર માછલું તરફડે, તેમ આપે મને તરછોડયો, તેથી મારી પણ તેવીજ સ્થિતિ થઇ છે. ૯ હે નાથ! હું અડગ મનથી આપની ભક્તિ કરૂં છું. તે આપને જાણ બ્હાર તો હોઈ શકેજ નહિ કારણ કે આપ સર્વજ્ઞ છો. ૧૦ જેમ સૂર્યના કિરણોને લઇને કમલો વિકસ્વર થાય, તેમ આપને જોયાથી મારૂં મન પણ વિકસ્વર થાય છે. અને મનની વિકસ્વરતા બદ્ધ વગેરે સ્વરૂપવાલા કર્મોના જોરને પણ હઠાવે છે. મારી ભક્તિનાં આટલાં સ્પષ્ટ ચિહ્નો મોજુદ છતાં

હે પ્રભો ! મને ખબર નથી પડતી કે મારી ઉપર આપની દયા કેવી છે ? નહિ તો આપ મને તરછોડોજ નહિ, જેમ મેઘને જોઇ મોર હર્ષથી નાચે, તેમ આપને દેખી હું પણ હર્ષથી નાચું છું. આ બધી આ દાસની ભક્તિ છે કે ગાંડપણ છે, તે આપ કૃપા કરીને જણાવો. ૧૧ હે પ્રભો ! આપનો પ્રભાવ એવો છે કે જેમ મંજરીયોથી શોભાયમાન એવા આંબાને જોઇને કોયલ મીઠા સ્વરે બોલવા માંડે, તેમ આપને જોઇને મૂર્ખ માણસ પણ આપની સાથે પ્રેમ ભક્તિથી વાતચીત કરવા મંડી જાય છે. તેમ હું પણ આપની પાસે તેમજ બોલું છું. કારણ આપ સરસ એવા મુક્તિના આનન્દને આપનાર છો. ૧૨ માટે હે પ્રભો ! સેવકને આપ જડ જેવો માનજો પણ તરછોડશો નહિ કારણ કે સત્પુરૂષો ભક્ત જનોની ઉપર પ્રેમ રાખનારા હોય છે. ૧૩ હે પ્રભો ! હું આપને એમ કહું છું કે, શું બાળક કાલું કાલું બોલે છતાં તે (બાળક) બાપને વધારે વધારે આનન્દ નથી ઉપજાવ તો ? તેમ બાલક જેવો આ દાસ પણ જેવું તેવું બોલે, છતાં પણ આપને આનન્દ ઉપજાવે છે કે નહિ, તે આપજ કહો. ૧૪ હે પ્રભુ ! અનાદિકાલની કુટેવને લઇને મારૂં ભુંડ જેવું મન વિષય રૂપિ દુર્ગન્ધમય વિષ્ઠામાં આસક્તિ રાખે છે. તેને હું ત્યાંથી પાછું હઠાવી શકતો નથી, માટે મ્હેરબાની કરી આપ મારા ચપલ મનને વિષયરૂપિ વિષ્ઠામાંથી બ્હાર કાઢો. ૧૫ હે પ્રભો ! હું આપના શાસનનો રાગી છું, છતાં મારા સંબંધમાં આપને શું 'આ સેવક બાબાસાઇ રૂપિયા જેવો છે' એવી શંકા ઉપજે(રહે) છે ? કે જેથી આટલું કહેતાં છતાં પણ આપ મને ઉત્તર આપતા નથી. ૧૬ આવી ઉચ્ચ કોટીમાં દાખલ થયો, અને આપનો ભક્ત બન્યો છતાં મને સંસારની અનેક વિડંબનાઓ દુઃખ દે છે, તેજ મને આશ્ચર્ય લાગે છે. ૧૭ નમસ્કાર કરનાર જીવોને કર્મ શત્રુઓને હણવા શૂરવીર બનાવનાર હે પ્રભો ! ખલ પુરૂષના જેવી તે વિડંબનાઓ હજુ સુધી પણ મારી કેડ મૂકતી નથી. ૧૮ હે પ્રભો ! આપ કેવલ દર્શનથી આખા જગતને દેખો છો, છતાં કષાયરૂપિ મહા કટ્ટા શત્રુઓથી પીડાયેલા એવા મને કેમ દેખતા નથી. એટલે આ દાસને તેવી સ્થિતિમાં આપ દેખો છો છતાં ઉપેક્ષા કરો, તો તે વ્યાજબી ન ગણાય. કારણ કે આપ શિવાય બીજો મને કષાયની પીડાથી મુક્ત કરવા સમર્થ નથી. ૧૯ હે પ્રભો ! આપને જોવાથી મને એવો વિચાર આવે છે કે, પ્રભુના માર્ગને અનુસરીને હું પણ સંસારનો પાર કેમ ન પામું ? આવી ભાવનાથી મારો આત્મા સંસારમાં ક્ષણ વાર પણ રહેવાને રાજી નથી. પણ કરૂં શું ? આ ભયંકર રાગાદિ શત્રુઓનો સમુદાય મને પકડી રાખે છે. માટે હે પ્રભો ! કૃપા કરીને આપ તે શત્રુઓને અટકાવો, કે જેથી હું આપની પાસે આવી શકું. ૨૦ હે પ્રભો ! મને સંસારમાં રાખવો, અથવા સંસાર સમુદ્રથી પાર ઉતારવો, તે આપને જ આધીન છે, એવા સત્તાધીશ છતાં આપ મને સંસાર સમુદ્રથી પાર ઉતારવામાં શા માટે વિલંબ કરો છો ? દુઃખથી ટળવળતા જીવોને આપ નહિ ઉગારો તો કોણ ઉગારશે ? ૨૧.

(અપૂર્ણ.)

# શ્રી ગૌતમસ્વામિ વિલાપ.

લેખકઃ બાબુલાલ મનસુખલાલ શાહ.

[ સાખી ]

વીર વિભુ આજ્ઞા થકી, જાય ઉરે જિન લીજ,
ગયા ગૌતમ પ્રતિબોધવા, દેવ શર્મ એ દ્વિજ. ૧
પ્રતિબોધિ એ વિપ્રને, રાત રહ્યાં ત્યાં વાસ,
શોક સહિત દેવો કરે, કોલાહલ આકાશ. ૨
સ્તબ્ધ બની ચિત્ત જોડીયુ, કર્યા સાબદા કાન,
પડ્યા શબ્દ દેવો તણા, વીર લહ્યા નિર્વાણ. ૩
ફાળ પડી તવ ઉરમાં, ઉપન્યો કંપ શરિર,
બાળક જેમ રડી પડ્યા, યાદ કરી પ્રભુ વીર. ૪
વજ્ર સમ એ છાતડી, હાથ ન રહી એ લગાર,
ધ્રુસક ધ્રુસક લહે ધ્રુસકા, નેણુ વહે ચોધાર. ૫
કંપારી ખુબ જોસમાં, વ્યાપિ અંગ ઉપાંગ,
વપુ હાથમાં નવિ રહ્યું, ભોંય પડ્યા તે વાર. ૬
આવ્યા શુદ્ધિમાં યદા, બોલે તેણી વાર,
વીર વીર બસ બોલ એક, અન્ય નહીં ઉચ્ચાર. ૭
પ્રીત વીરથી જે હતી, ઉચ્ચારે તે વીર,
ભૂતકાળ તાજો કરી, વળી રડતા તે વાર. ૮
હે પ્રભો! આ બાલની, લેશે ખબરો કોણુ?
ગયો હતો આધાર તું, સહાય હવે અમ કોણુ? ૯
ઉગતી શંકા માહરી, પૂછીશ કોને નાથ?
દેવે ઉત્તર કોણુ મુજ, કવણુ રાખશે લાજ. ૧૦
જનાર જો જાવા ચહે, રોકયા ન રોકાય,
ન આપે ઘટતું કર્યું, અપને જે ન સુહાય. ૧૧
પણુ હતી જે પ્રીતડી, ન યાદ કરી તે કાળ,
જવા ઉતાવળ મોક્ષમાં ત્યાગી શું તત્કાળ. ૧૨

[ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ]

શાસન નાયક પ્રાણુ પ્રભુ હે વીરજી,
પ્રીતડી તોડી મુજ ઉપરથી સાચજો,
અલગો કીધો આપ કનેથી હે નાથજી,
આવશે જાણુ લેવા મુજમાં ભાગ જો.
મન મંદિરના વાસી વ્હાલા વીરજી.—એ આંકણી. ૧.

ભૂલ્યા સાહિબ હઠ કરતાં ન આવડે,
હોત કહ્યું જો અધિકતા મુજ પાસજો,
કપટ કરી મુજથી શું ચાલી નીકળ્યા,
આવત નહીં તુમ સાથ ખરેખર નાથજો. મન. ૨
આપ ગયા નોંધારો મૂકી મુજને,
દુઃખના ડુંગર ઉગ્યા દીન દયાલજો,
ભરત ભવિ તુમ પ્રેમ તણે પાગલ બન્યા,
છેહ દીધો તેઓને પણ કૃપાલજો. મન. ૩
યાદ કરી તુમ દિવ્ય જીવન એ સૌ રડે,
શોક ત્યજે ના ઉરથકી દિન રાતજો,
મિથ્યામતિનો પાર નહી આ વિશ્વમાં,
હામ નથી હૈયે શું કરીએ તાતજો. મન. ૪
વાતો શીતળ વાયુ પણ થંભી ગયો,
નયબ્ધિના નીર પડયા કંઇ સ્થીરજો,
સરવરમાં હંસો ચારો ચરવો ત્યજી,
મીંચી આક્ષો ઉભા શોકે સ્થિરજો. મન. ૫
કરમાયા તરુવર સૌ આપ રવિ વિના,
ખરી પડયા કંઈ ભૂપરપર્ણ કુસુમજો,
ત્યજી કૂજન પંખી સૌ માળે જઇ ચઢ્યા,
શોક તણી પશુઓ પાડે કૈં બૂમજો. મન. ૬
ભૂલ્યો સાહિબ ઓલંભો ન દેઉં તને,
પામ્યો છું હું કર્મ તણા ફલ મુજજો,
આપ કરો તેમાં શંકા શી માહરે,
માનું કીધું હિત ઘણું છે મુજ જો. મન. ૭
મનમાં મોટી તુમને એ શંકા હતી,
નિર્વાણે જો ગોયમ રહેશે પાસજો,
ખેદ પ્રસારી આત્મગુણ હાની કરે,
સમજ્યો સાહિબ ભલુ કર્યું છે કાજ જો. મન. ૮
સત્ય કહું તો આપ હતા વીતરાગજી,
નિઃસ્નેહી હો કસુરના તલભારજો,
ગુણ એ તુજમાં જાણ્યો મેં આજે વિભો,
ધિક્ ધિક્ નિંદુ આતમ મારો તાતજો. મન. ૯
ગોથમ ચઢીયા ભાવ મિનારા ઉપરે,
ભાવના આવી એકત્વ મન માંહ્યજો,
**નિરમલ** પંચમ જ્ઞાન પ્રકાશ્યું તે સમે,
ઉદ્યોત થકી ત્રિલોકે આનંદ થાય જો. મન. ૧૦

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखकः—पू. मु. श्रीप्रमोदविजयजी महाराज. (पन्नालालजी)

( ગતાંક પૃષ્ઠ ૩૫૨ થી અનુસંધાન. )

उपरोक्त शिलालेख से स्पष्ट सिद्ध होता है कि भगवान् नेमिनाथ के शासन काल में भी जैन मंदिर और मूर्तिपूजा का प्रचुर प्रचार था इस बातकी विशेष सिद्धि और पुष्टि ज्ञाता सूत्र द्वारा द्रौपदी की प्रतिमा पूजाके प्रकरण से हो ही जाती है। द्रौपदी का काल भगवान् नेमिनाथ के समसामयिक ही था। भगवान् नेमिनाथ के समय में भी जैन मूर्तियों और मंदिरों की काफी प्रतिष्ठा थी।

अनेक राजाओं और महाराजाओं ने तो अपने प्रचलित सिक्कों पर भी चैत्य के चिह्न अंकित करा दिये थे वे ही जैन चैत्यांकित प्राचीन सिक्के साम्प्रतावस्था में भी उत्तर हिंद के इतस्ततः भूमितल में से निकलते हुए पाये जाते हैं। इन सिक्कों में से कितनेक तो मौर्य काल के समय के प्राप्त होते हैं जिन पर चैत्य का चिह्न अंकित मिलता है और जो २३०० वर्ष की प्राचीनता के सूचक हैं। ऐसे अनेक ऐतिहासिक प्रमाण मौजूद हैं जिनकी सिद्धि डॉ. त्रिभुवनदास लहेरचंद ने अपने प्राचीन भारतवर्ष के इतिहास के द्वितीय भाग में की है। तक्षशिला के पास पाश्चात्य अन्वेषकों ने अन्वेषण प्रयत्न द्वारा जो नगर खोज निकाला है उसके भूमिभाग में से एक ध्यानस्थ जैन मूर्ति जो ५००० वर्ष की प्राचीन है प्राप्त हुई है। इस प्रकार मूर्तियों की प्राचीनता के आधार पर जैन धर्म की प्राचीनता और सार्वभौम सत्ता का सहज ही अनुमान लगाया जा सकता है। इस नगर का नाम "मोहन जोडेरा" है। सिंध और पंजाब की सरहद् पर जो "हरप्पा" नामक नगर भू भाग से निकला है उस नगर में देवियों की मूर्तियां मिली हैं। यह नगर ५०१० वर्ष पुराना है। उडीसा प्रांत के खंडगिरि और उदयगिरि नामक दोनों पहाड अभी भी भारतीय आदर्श, भारतीय कला प्राधान्य और मूर्तियों की प्राचीनता की सिद्धि में विद्यमान हैं। जिनके संबंध में पुरा तत्ववेत्ताओं का कथन है कि ये पहाड़ पहिले जैन मंदिरों से विभूषित थे और यहां अनेक भक्त लोग संघ ले कर तीर्थयात्रा के निमित्त आते थे। इन्हीं पहाडों में साधुओं के ध्यान के लिये विविध गुफाएं भी थीं इन्हीं गुफाओं की भित्तियों पर जैन तीर्थंकरों की भव्य एवं दिव्य-सुंदर काय मूर्तियां भी चिह्नित थी जिनके ध्वंसावशेष आज भी यत्र तत्र दिखते हैं। ईस्वी संवत् १८२० में पादरी स्टर्लिंग साहबने अन्वेषण करते हुए अपना ध्यान जब इन दोनों पहाडों की गुफाओं की ओर किया तो वहां उनको एक प्राचीनतम शिलालेख प्राप्त हुआ जिसको पुरातत्वज्ञोंने भारतीय प्राचीन शिलालेखों में सर्व प्रथम स्थान दिया है। यह शिलालेख कलिंग देश के राजा महामेघवहान चक्रवर्ती महाराजा खारवेल के समय का है।

उनकी उपस्थिति में ही यह लिखा गया था। जैन पट्टावलियों में आचार्य हेमवंतसूरि की पट्टावली अत्यन्त पुरातन मानी जाती है उसमें स्पष्ट लिखा है कि कलिंग देश से राजा नंद जैन मूर्ति को मगध में ले गया। वह मूर्ति मगध के राजा श्रेणिकने स्थापित की थी। राजा श्रेणिक (बिंबसार) भगवान् महावीर का अनन्योपासक था यह बात उनकी जीवन संबंधी घटनाओं से स्पष्ट अवगत हो जाती हैं। इससे इस बात की सिद्धि और पुष्टि मीलती है कि कलिंग का मंदिर श्रेणिकने महावीर की मौजूदगी में ही बनवाया था। महात्मा बुद्ध सर्व प्रथम अपने धर्मतत्व का उपदेश करने के लिये राजगृहनगरमें पधारे तब वे सातवें तीर्थंकर श्री सुपार्श्वनाथ के मंदिर में ठहरे थे ऐसा बौद्ध ग्रंथ "महावग्ग" में उल्लेख मिलता है उसमें इस मंदिर का नाम पाली भाषा में "सुप्पतित्थ" अर्थात् सुपार्श्व तीर्थ लिखा है। विशाला नगरी के स्तूप और मथुरा नगरी के खंडित स्तूप आज भी पार्श्वनाथ के पूर्व मंदिर और मूर्तिपूजा होने की सिद्धि करते हैं।

भगवान् महावीर दीक्षा लेकर जब आबू के सन्निकट मुंडस्थल नामक नगर में ग्रामानुग्राम धर्मदेशना देते हुए पधारे तब वहां राजा नंदीवर्धन आपके दर्शनार्थ आया। दर्शन कर बहुत प्रसन्न हुआ और प्रभु दर्शन की चिरस्मृति में वहां पर ही एक विशाल भव्य मंदिर बनवाया जिसके ध्वंसावशेष अद्यावधि विद्यमान हैं और जिसकी पुष्टि तत्रस्थ शिलालेख से हो जाती है। इस मंदिरकी प्रतिष्ठा केशी श्रमणाचार्य ने कराई थी। कच्छ भद्रेश्वर नगर में महावीर निर्वाण के २३ वर्ष पश्चात् का बना हुआ एक प्राचीन मंदिर अधुनापि विद्यमान है। इस मंदिर की प्रतिष्ठा भगवान् सौधर्मस्वामी के पुनीत करकमलों से हुई थी ऐसा इस मंदिर के शिलालेख से प्रमाणित होता है।

ओसियां और कोरण्टा (मारवाड़) के महावीर मंदिर की प्रतिष्ठा वीर निर्वाण के ७० वर्ष पश्चात् आचार्य रत्नप्रभ सूरि के हाथों से हुई थी। इससे सिद्ध होता है कि उक्त मंदिर द्वय २३९३ वर्ष के प्राचीन हैं। श्रावस्ती नगरीके भूगर्भमें से श्री संभवनाथ का एक मंदिर निकला है इसके संबंध में अन्वेषकोंका मत है कि यह मंदिर और इसके खण्डहर भगवान् महावीर के पूर्वके स्मारक हैं और स्वयं महावीर भी यहां पधारे हुए हैं।

ऐसे एक नहीं अनेको प्रमाण मूर्तिपूजा की प्राचीनता को सिद्ध करने वाले मिलते हैं। वीर निर्वाण के पश्चात् के प्रमाणों के संबंध में कहना ही व्यर्थ है जब कि उनके पूर्व भी मंदिर और मूर्ति होने के प्रचुर प्रमाण मिलते हैं।

भारतीय आर्यजनोंने तो मूर्ति को प्राचीन कालसे ही धर्म का एक खास स्वरूप मान रक्खा है किंतु चीन, जापान, आस्ट्रिया आदि दूरवर्ती देश भी प्राचीन काल से ही मूर्ति की उपासना करते आये हैं। विक्रम की चौदहवीं शताब्दी तक पौर्वात्य देशों के समान ही पाश्चात्य देशों में भी मूर्ति पूजा का प्रबल प्रसार एवं प्रचार था। उस समय उन देशों में भी जैन मंदिर विद्-

मान थे जिनके ध्वंसावशेष समय समय पर भू भाग में से निकला करते ह। आस्टिया के प्रांत में महावीर की मूर्ति, अमेरिका जैसे शिक्षित और अन्वेषक राज्य में सिद्धचक्र का गट्टा, मंगोलिया प्रांत में अनेक मूर्तियों के खंडावशेष जैनधर्म और मूर्तिपूजा की प्राचीनता के प्रमाण स्वरूप विद्यमान हैं। इतना ही नहीं अपि तु जिस मक्का मदीना में एवं अरबस्थान में सर्व प्रथम मुहम्मद पैगंबर साहिबने अपनी सशक्त तलवार के बल पर जिस मूर्तिपूजा का विरोध किया था उन प्रांतों में उस समय भी जैन मंदिर प्रचुर परिमाण में विद्यमान थे ऐसा सिद्ध होता है। वास्तव में जिन लोगोंने भारत में परिभ्रमण किया ह वे लोग जैनियों की उत्कर्षता का सहज ही पता लगा सकते हैं। राणकपुर, आबूजी आदि स्थानों की मंदिर, मूर्तियां, जैनियोंकी उत्कृष्ट जाहोजलाली, उत्तम धर्मपरायता। एवं मूर्ति पूजा की प्राचीनता को सगर्व उन्नत मस्तक हो करके प्रमाणित कर रही हैं जिन भव्यात्माओंने एक बार भी इन तीर्थधामों की यात्रा की है वे इनकी प्रशंसा किये बिना कदापि नहीं रह सकते हैं। भक्त लोग प्रशंसा करें।

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા.

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

(ગતાંક પૃષ્ઠ ૩૪૭ થી અનુસંધાન)

૧૫-પ્રશ્ન—પૂર્વોના જે પદો બતાવ્યા, તેમાં પદ કોને કહીએ? એટલે પદનું લક્ષણ શું?

ઉત્તર—પદનું સ્વરૂપ વિશિષ્ટ સંપ્રદાયથી જાણવું. એમ શ્રી ભગવતીસૂત્રની ટીકામાં "पदानि च विशिष्टसंप्रदायगम्यानीति" આ પ્રમાણે કહ્યું છે. જ્યાં અર્થનો નિર્ણય થાય, તે પદ કહેવાય, એટલે ચાલુ અધિકારની જ્યાં સમાપ્તિ થાય, તેટલો સૂત્રવિભાગ પદ કહેવાય. એમ શ્રી સમવાયાંગ ટીકામાં શ્રી અભયદેવસૂરિજીએ અને શ્રી મલયગિરિ મહારાજે શ્રી નંદીસૂત્રની ટીકામાં જણાવ્યું છે. તથા ૫૧ ક્રોડ ૮ લાખ ૮૪ હજાર ૬ સો ને સાડીએકવીસ શ્લોકનું એક પદ થાય. એમ શ્રી રત્નસાર નામના ગ્રંથમાં જણાવેલું-

इक्कावण्णं कोडिओ-लक्खा अट्ठेव सहसचुलसीइ॥
जस्सयसड्ढिकवीसा-पयम्मि माणं सिलोगाणं ॥१॥

આ ગાથા ઉપરથી જાણી શકાય છે. વળી શ્રી કર્મ ગ્રંથની ટીકામાં શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવે છે કે-

"पदस्य तथाविधाम्नायाभावात्प्रमाणं न ज्ञायते" એટલે તેવા પ્રકારના સંપ્રદાયના અભાવે પદનું પ્રમાણ જાણી શકાતું નથી. આચારાંગાદિ સૂત્રોના

૧૮ હજાર વગેરે પદો જણાવ્યા, તેમાં "વિભક્તિ જેના છેડે હોય, તે પદ કહેવાય" આ રીતે વ્યાકરણ શાસ્ત્રમાં જણાવેલું પદ લેવું નહી.

૧૬-પ્રશ્ન-અનુયોગના ભેદ કેટલા ?

ઉત્તર-અનુયોગના ૪ ભેદ છે. ૧ દ્રવ્યાનુયોગ. ૨ ગણિતાનુયોગ. ૩ ચરણકરણાનુયોગ. ૪ ધર્મકથાનુયોગ.

૧૭-પ્રશ્ન-અનુયોગ શબ્દનો અર્થ શો ?

ઉત્તર-અનુયોગ એટલે વ્યાખ્યાન અથવા સ્યાદ્વાદ શૈલીએ પદાર્થોનું વર્ણન કરવું, તે અનુયોગ કહેવાય.

૧૮-પ્રશ્ન-અનુયોગના ચારે ભેદો માનવાનું શું કારણ ? શું એક અનુયોગ માનવાથી કામ ન ચાલે ?

ઉત્તર-જેમ દ્રવ્ય રોગ જૂદા જૂદા હોવાથી તેની દવા પણ જૂદી જૂદી હોય છે. તેમ સંસારિ જીવો ભિન્ન ભિન્ન પ્રકૃતિના હોવાથી પૂજ્ય શ્રી તીર્થંકરાદિ લોકોત્તર પુરૂષોએ ચારે અનુયોગની પ્રરૂપણા કરી છે, તે ઉચિત જ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વગેરે પદાર્થો કર્મોના ક્ષયોપશમાદિમાં કારણ કહ્યા છે. તેથી કોઇને દ્રવ્યાનુંયોગની બીના સાંભળવાથી લાભ થાય. કોઇને ગણિતાનુયોગની બીના સાંભળવાથી લાભ થાય, ને કોઇને ચરણકરણાનુયોગની બીના સાંભળવાથી લાભ થાય, વળી કોઈને ધર્મકથાનુયોગની બીના સાંભળવાથી લાભ થાય. આ મુદ્દાથી પ્રભુદેવે ચારે અનુયોગોની પ્રરૂપણા કરી છે. શ્રી ગૌતમ મહારાજાદિ મહાપુરૂષોને દ્રવ્યાનુયોગની બીના સાંભળીને સંદેહ દૂર થતાં સંયમની ભાવના પ્રકટ થઈ. તેની નિર્મલ આરાધના કરીને તેઓ સિદ્ધિના સુખ પામ્યા. આર્દ્ર કુમારને શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિના દર્શન થતાં અને શ્રી શય્યંભવ ભટ્ટને શ્રી શાંતિનાથની મૂર્તિના દર્શન થતાં અને અવંતિસુકુમાલને નલિની ગુલ્મ વિમાનની બીના સાંભળતાં જાતિ સ્મરણ જ્ઞાન પ્રકટયું. એમ સ્વયંભુરમણ સમુદ્રમાં રહેલા મૂર્તિના આકારના મત્સ્યોને જોઇને સામા ( દેખનાર ) રહેલા મત્સ્યોને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. આવા બીજાપણ પુષ્કળ દૃષ્ટાંતો ઉપરથી સાબીત થાય છે કે-એક અનુયોગથી કામ ચાલે જ નહિ.

૧૯-પ્રશ્ન-ચારે અનુયોગનું સ્વરૂપ શું ?

ઉત્તર—૧ દ્રવ્યાનુયોગ, જે જીવ અજીવાદિ દ્રવ્યોનું વિસ્તારથી સ્વરૂપ જણાવે, તે દ્રવ્યાનુયોગ કહેવાય. ૨ ગણિતાનુયોગ, જીવોના આયુષ્યાદિની તથા પર્વત-વિમાનાદિની લંબાઈ વગેરે અને સૂર્ય ચંદ્રાદિના ચાર વગેરેની બીના જેમાં વિસ્તારથી સમજાવી હોય, તે ગણિતાનુયોગ કહેવાય. ૩ ચરણકરણાનુયોગ, જે ચરણ સિત્તરી કરણસિત્તરીનું સ્વરૂપ વિસ્તારથી જણાવે, તે ચરણકરણાનુયોગ કહેવાય. ૪ ધર્મકથાનુયોગ, જે પરમ ઉલ્લાસથી શ્રી જિનધર્મની આરાધના કરીને, કરાવીને, અને અનુમોદીને સ્વપરતારક થઇ ગયા, તેવા મહાપુરૂષોના

આદર્શ જીવનને જણાવે, તે ધર્મકથાનુયોગ કહેવાય. આ અનુયોગ સરલમાં સરલ ગણાય છે. કારણ કે એને સાંભળવાથી બાલજીવો પણ ધર્મના સાધક બને છે. સમતા, ક્ષમા, સરલતા વગેરે ગુણોને ધારણ કરવાથી કયા કયા જીવોને કેવો કેવો ફાયદો થયો? તે બીના સ્પષ્ટ જાણીને શ્રોતાઓ સમતાદિ ગુણોની સેવના કરીને સ્વપર કલ્યાણ કરે છે. આ બાબતના દૃષ્ટાંતો વૈરાગ્ય શતક વગેરેમાં મેં જણાવ્યા છે.

૨૦–પ્રશ્ન–પ્રાચીન કાલમાં ચારે અનુયોગની સ્થિતિ કેવા પ્રકારની હતી?

ઉત્તર–પ્રભુદેવ શ્રી મહાવીર મહારાજના નિર્વાણ સમયથી માંડીને પૂજ્યશ્રી આર્યરક્ષિતસૂરિજીના પૂર્વ સમય સુધી "**अपृथक्त्वानुयोग**" હતો. એટલે સૂત્રોનું વ્યાખ્યાન ચારે અનુયોગ તરફ લક્ષ્ય રાખીને કરાતું હતું. તે પછી અવસર્પિણી કાલના દોષે બુદ્ધિ આદિ ગુણો ઘટતા જાણીને પૂજ્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજે પૃથકત્વાનુયોગની સ્થાપના કરી. એટલે એકેક અનુયોગને ઉદ્દેશીને વ્યાખ્યાન કરવાની પદ્ધતિ શરૂ કરી. ત્યારથી માંડીને શ્રી આચારાંગ વગેરે સૂત્રોનું વ્યાખ્યાન ચરણકરણાનુયોગ તરફ લક્ષ્ય રાખીને કરાય છે. અને શ્રીસૂત્રકૃતાંગ વગેરે સૂત્રોનું વ્યાખ્યાન દ્રવ્યાનુયોગની મુખ્યતાએ કરાય છે. શ્રી ભગવતીજી વગેરેનું વ્યાખ્યાન દ્રવ્યાનુયોગ વગેરેની મુખ્યતાએ અને શ્રી જ્ઞાતા સૂત્રાદિનું વ્યાખ્યાન ધર્મકથાનુયોગની મુખ્યતાએ તથા શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિનું વ્યાખ્યાન ગણિતાનુયોગની મુખ્યતાએ કરાય છે. સૂત્રાર્થના ટકાવથી શ્રી જિન શાસન ટકે છે. વગેરે મુદ્દાથી શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે પૃથક્ત્વાનુયોગનો પ્રચાર કર્યો હોય, એમ સંભવે છે. તેઓ આગમ વ્યવહારી હતા. માટે તેવી પદ્ધતિની શરૂઆત કરી શકે.

૨૧–પ્રશ્ન–જાતિ સ્મરણ જ્ઞાનનું સ્વરૂપ શું?

ઉત્તર–જેની મદદથી "પાછલા ભવોમાં પોતે કઇ સ્થિતિમાં હતો? વર્તમાન શુભાશુભ સ્થિતિ શા કારણથી મળી? વગેરે" ભૂતકાલની બીના જાણી શકાય, તે જાતિ સ્મરણ જ્ઞાન કહેવાય. એકાંતે આત્માનું અનિત્યપણું માનનાર વાદિઓના મતે જાતિ સ્મરણ–પ્રત્યભિજ્ઞાન વગેરે ઘટી શકેજ નહિ. જાતિ સ્મરણના સ્વરૂપનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં દ્રવ્યાસ્તિક નયના મતે આત્માનું નિત્યપણું, પરલોક વગેરે પદાર્થો સાબીત થઇ શકે છે.

૨૨–પ્રશ્ન–પાંચ જ્ઞાનમાં જાતિ સ્મરણને કયા જ્ઞાનમાં ગણવું?

ઉત્તર–મતિજ્ઞાનમાં ગણવું જોઇએ કારણ કે તે મતિજ્ઞાનનો એક ભેદ છે. અવિચ્યુતિ, સ્મૃતિ ધારણામાં જણાવેલા સ્મૃતિના ભેદ તરીકે જાતિ સ્મરણને ગણવું. આ બીના કર્મગ્રંથની ટીકા વગેરે ગ્રંથોમાં સ્પષ્ટ જણાવી છે. જે પાઠ આ પ્રમાણે જાણવો. "**जातिस्मरणमपि मतिज्ञान भेद एव**" એટલે જાતીસ્મરણ પણ મતિજ્ઞાનનો એક ભેદ જ છે.

# चटपटी अजब मिठाई का स्वाद चाखिये।

લેખક: मुनी भद्रानंदविजय. बिलाड़ा (मारवाड़.)

(ગતાંક પૃષ્ઠ ૩૫૮ થી અનુસંધાન)

कहना तो सरल, और अतीव सरल है पर उपयोग में लाना पूरी टेढी खीर है। प्राणीमात्र में, समस्त जीवधारियों में इन कषायों का प्रमुखतम बिशेष स्थान है। इसे हठाने के लिये त्याग ही की पूरी जरूरत है। बिना त्याग के यही कषाय रूपी भयंकर राक्षस मनुष्य को अपने मदसे उन्मत्त बना नरकाब्धि के गहरे भंवरमें धकेल देते हैं श्रीकृष्णने गीता में कहा हैः—

**ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते।**
**सङ्गात्संजायतेकामः कामात्क्रोधोऽभिजायते ॥**
**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः।**
**स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

और भी कहा है कि—

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।**
**कामःक्रोधस्तथा लोभस्तमादेतत् त्रयंत्यजेत् ॥ इति**

इसी लिये ज्ञानी महात्माओंने भगवान् महावीर की स्तुति करते हुवे कहा है कि-

**नमोदुर्वार रागादिवैरिवार निवारिणे।**
**अर्हते योगिनाथाय महावीराय तायिने ॥**

इन्होंने इस मीठी मिठाई की माधुरी को चखा था, इन्होने इसके स्वाद से संसार को लालायित करने का भगीरथ यत्न किया था, अब देखना है कि क्या इन कषायों पर विजय पाना सरल है, नहीं, नहीं

**नहि देह भृताशक्यं त्यक्तुं कर्माण्यशेषतः।**
**यस्तु कर्मफल त्यागी सत्यागी त्यभिधीयते ॥**

देहधारियों के लिये सबसे कठिन यदि कोई कार्य है तो एक मात्र यही है। तो फिर इसे किस प्रकार जीता जा सकता है? इसका उत्तर एकमात्र यही है कि "अभ्यासेन तु कौंतेय वैराग्येणैव गृह्यते" जब यह होगा तो चिंतामणी के थालमें भरी प्यारी मिठाई चखते क्या देर लगेगी।

जब हम इन प्रबल और प्रचंड शत्रुओं को परास्त कर देंगे तो शिवनारी स्वयं हमारे लिये इस महनीय मिठाई को लेकर उपस्थित होगी। यही, यही तो षड्दर्शनों का कथन है—

कषाय ही ज्ञानपट पर पड़ा हुआ परदा है, यही आवरण परमानंद प्राप्ती में बाधक रूप है, यदि यह अरिहंत महाप्रभु की असीम अनुकंपा से कहीं हट जाय तो

मनुष्य नर का नारायण हो सकता है "ज्ञानादेवहि कैवल्यम्" यह सत्य, त्रिकालाबाधित सत्य है। ज्ञान ही तो पापपंक से मुक्ती दिलाने वाला प्रचंड चंड ब्रह्मास्त्र है, ज्ञान ही से भले और बुरे का परिचय पाया जाता है, ज्ञान ही से ग्रहणाग्रहण का बोध होता है, ज्ञान ही की प्रभावपूर्ण चमक से असत्कर्म मय काला अंधकार स्वतः ही नष्ट होने लगता है, और इसी ज्ञान के बल पर अपनी प्यारी मिठाई पाई जा सकती है। अन्यथा "मुक्तिर्नस्या जन्मशतैरपि" यही अज्ञान ही तो मुक्ती का कट्टर शत्रु है। यही चतुर्विध कषायों का मूल है। यदि सौभाग्य से यह दूर हो जाय तो वही मुक्त हो सकता है, वही प्यारी शिवनारी के हाथ की मिठाई खा सकता है।

यही मुक्ती मिठाई के मिलाने का सर्व दर्शन सम्मत सहज और सरल मार्ग है। हां भिन्न २ पन्थोंने और मत्तोंने ज्ञान प्राप्ती के लिये अपना २ तरीका क्रियाकांडानुसार भले ही जुदा २ बना लिया हो तथापि वे उनके उत्तरगुण मूलगुण ही की पुष्टी के अर्थ हैं। समस्तों का गन्तव्य पथ भले ही न्यारा हो किंतु स्थान वही है और लक्ष भी वही है। जब ज्ञान होगा तव स्वयं ही कषायों से मुक्ती हो जायगी, न द्वेष रहेगा न राग, न लोभ रहेगा न काम, न सुख रहेगा न दुख सबका निपटारा हो जायगा, मनुष्य मुनी बन जायगा, वीतराग हो जायगा यही तो मुनी शब्द व्याख्या है—यही तो मोक्ष रूपी मिठाई के प्राप्ती का सीधा तरीका है—

**दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।**
**वीतरागभयक्रोधःस्थितधीर्मुनिरूच्यते ॥**

पाठकों लेख का कलेवर बढ रहा है एतदर्थ इस विषय पर फिर कभी लिखा जायगा। अस्तु, प्यारे वाचकों क्यों यह है न अद्भुत् मिठाई, यदि आपकी इसे चखने की मनीषा हो तो आइये, और ज्ञान के समुज्ज्वल प्रकाश में बैठकर मनमानी मिठाई खाइये, ताकि चारों आघाति कर्मों का क्षय हो जाय (नाम, गोत्र, आयुष्य, कर्म)। बस इसी मिठाई को लेकर हम आपके आगे धर रहे हैं, खाओ २ खूब पेट भरकर खाओ और सच्चिदानंद रुप बन जावो। आनन्द कंद सच्चिदानंद अरिहंत सभी को इस अनौखी और अनूठी मीठी मिठाई का स्वाद चखावे यही सानुनय प्रार्थना है। ॐ शम्

**नहीं संसारमें कुछ भी भरा है सार यह देखो।**
**सभी झूठी तजो झंझट मजा मुक्ती का अब चक्खो॥**
**खालो पेट भर यारों मधुर मीठी मिठाई को।**
**इसी में भद्र आनन्द है विचारो कुछ जरा इसको॥**

# અર્હત દર્શન અને ઈશ્વર.

લેખકઃ-મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. (જામનગર)

( ગતાંક પૃષ્ઠ ૩૫૪ થી અનુસંધાન. )

## ઇશ્વર અને અર્હત્ દર્શન.

આ દર્શન એવી માન્યતા ધરાવે છે કેઃ-(ઇશ્વર વિષયમાં) અનાદિ કાળના કર્મનાં બંધનથી જોડાયેલો જીવ અલ્પજ્ઞ કહી શાકશે. જો કે અનંત જ્ઞાન જીવમાં હોવાનું આ દર્શન સ્વીકારે છે, છતાંય તે જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મોને કારણે આચ્છાદિત થયેલ છે અને તેથી તે આવરણ અથવા કારણ છુટી જતાં તે જીવ અનંત જ્ઞાન યુક્ત સર્વજ્ઞ બને છે, તેજ અર્હત્ દર્શનની દૃષ્ટિએ ઇશ્વર છે. ભૂત પુર્વમાં આ રીતે કર્મ રહિત બની ઘણાં જીવો નિર્વાણ પદે સ્થિત થયા છે, તે પણ ઇશ્વર અને સર્વજ્ઞણુતાના નિયમે અર્હત્ દર્શનની માન્યતા પ્રમાણે જે જીવો કર્મનાં સકળ આવરણો જ દૂર કરે તે તમામ ઈશ્વર છે અને તે વાતનો જો બુદ્ધિ સ્વીકાર કરે તો પ્રત્યેક જીવ મુક્તિ પામી શકે છે અને તે મુક્ત જીવ જેટલા છે તે તમામ ઇશ્વર છે. એ અમારો નિર્બાધિત સિદ્ધાંત તેને સ્વીકારે છે.

અર્હત્ દર્શનની ઇશ્વરની માન્યતાને આપણે વધારે સરલ મને સ્પષ્ટ કરવાની છે, તેથી આપણે જણાવીયે છીયે કે કર્મ બંધનથી જે જીવ મુક્ત થયો તેજ ઇશ્વર છે. અન્ય દર્શનો પેઠે અમારી એકજ ઈશ્વરની અનાદિ કાળથી આરંભી આજ સુધીમાં થયો છે તે માન્યતા નથી પણ જેટલા જીવો કર્મ ક્ષય કરી મુક્તિ પામ્યા તે તમામ સર્વજ્ઞ ઇશ્વર છે.

આંહી એક શંકા થશે કે અર્હત્ દર્શનને અનિશ્વરવાદી નહી કહેતાં અનેક ઇશ્વરવાદી કહીશું તો તે પણ અસંગત છે. અર્હત્ દર્શન એકેશ્વરવાદી પણ એક અપેક્ષાએ કહી શકાશે, કારણ કે ગુણ અને સામાન્યની દૃષ્ટિએ એકેશ્વરવાદી કહેવામાં હરકત નથી.

હવે જીવને સર્વજ્ઞ થવામાં વિઘ્નરૂપ જે કર્મ બંધનો છે, તે કર્મો બે પ્રકારના છે. તેમાં એક ઘાતી કર્મ તરીકે ઓળખાય છે અને બીજા અઘાતિ કર્મ કહેવાય છે.

ઘાતિ કર્મોને ચાર વિભાગમાં વહેંચી આપે છે. ૧ જ્ઞાનાવરણીય. ૨ દર્શનાવરણીય. ૩ મોહનીય. અને ૪ અંતરાય, આ ચાર કર્મો ( ઘાતી કર્મો ) આત્માના જે સ્વાભાવિક ગુણો છે તેનો ઘાત કરે છે.

જે કર્મના ઉદયથી આત્માનું નિર્મળ જ્ઞાન આચ્છાદિત થાય છે તેને જ્ઞાનાવરનીય કર્મ કહે છે. જે કર્મોદયથી આત્માની દર્શન શક્તિનું રૂંધન થાય છે,

તેને દર્શનાવરણીય કર્મ કહે છે. જે કર્મના ઉદયથી શુદ્ધ શ્રદ્ધા (સમ્યક્ત્વ, ચારિત્રાદિ ગુણો) વિકાશ ન પામે તેને મોહનીય કર્મ કહે છે, આત્માનું સ્વાભાવિક જે બળ વિર્યાદિક તેને સ્ફુરતા જે અટકાયત કરે છે તે અંતરાય કર્મ કહેવાય છે.

આ રીતે ચાર ઘાતી કર્મ ગણવામાં આવ્યા છે.

## અઘાતી કર્મો:—

૧ આયુ. ૨ નામ. ૩ ગોત્ર. અને ૪ વેદનીય. આ ચાર કર્મો તે અઘાતિ કર્મો તરીકે અર્હત દર્શનમાં ઓળખાય છે જીવોના આયુષ્ય સંબંધ નિર્માણ થવામાં આયુઃકર્મ નિમિત્ત હોય છે. વિવિધ પ્રકારના શરીરો જીવને પ્રાપ્ત થવામાં નામકર્મ નિમિત્ત છે અને ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્રની જીવને પ્રાપ્તિ થવામાં ગોત્રકર્મ કામ કરે છે. હવે વેદનીય કર્મની સત્તાથી જીવ સુખ દુઃખાદિ સામગ્રી વડે વિકલતા પામી આત્મા પોતાના અવ્યાબાધ ગુણથી વેગળો રહે છે. ઉપરાંત અર્હત્ દર્શન એમ પણ સ્વીકાર કરે છે કે જીવાત્મા કલ્યાણના માર્ગ તરફ જયારે પ્રયાણ કરે છે, ત્યારે મહા કઠીન તપશ્ચર્યા કરે છે અને પરિણામે ચાર ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી સર્વજ્ઞ દશા પ્રાપ્ત કરે છે અને તેવી ઉજ્જવલ સ્થિતિને કેવલી અથવા તો જીવન મૂક્તાવસ્થા કહેવામાં આવે છે.

## જીવન મૂક્તાવસ્થાઃ-

સર્વજ્ઞ કેવલી (જીવન મૂક્તના) નાં બે પ્રકાર છે. ૧. સામાન્ય કેવલી. અને ૨. તીર્થંકર, કહેવાય છે.

જીવન મુક્તાવસ્થાએ શરીરધારી વિશિષ્ઠ સ્થિતિ છે. સામાન્ય કેવળી એ પોતાની મુક્તિ સાધે છે અને તીર્થંકર નામવાળા વિશ્વ પુરૂષોતમાં પણ પોતાની મુક્તિ ઉપરાંત સકળ જગતના જીવોને આત્યંતિક દુઃખની નિવૃત્તિ અને પરમાનંદથી પ્રાપ્તિરૂપ મુક્તિનો માર્ગ બતાવે છે. અને તેમના ઉપદેશરૂપ જ્ઞાનામૃતથી સંસારના જીવો બંધન મુક્ત થઇ સંસાર સમુદ્રને તરી જાય છે, તે કારણે તેઓને તીર્થ સ્વરૂપ પણ માન્યા છે.

## અર્હત્ દર્શન દ્રષ્ટિએ ઈશ્વરનું સ્વરૂપઃ—

ઉપર મુજબ સર્વજ્ઞની વ્યાખ્યા આપી છે. જેને અર્હત્ દર્શન અરિહંત કહે છે જેના ઘાતિ કર્મ (ચાર પ્રકારના) નાશ પામ્યા છે, જેનામાં અનંત જ્ઞાન, સુખ, વીર્ય, અને દર્શન ભર્યું છે, શુભ દેહધારી છે, તે જ શુદ્ધ છે. તેથી તેનું જ ચિંતવન કરવું.

સામાન્ય શરીરધારી જેવું તેમનું શરીર નથી પણ આસક્તિરહિત તેમનું શરીર હોવાથી અશરીરી પણ કહેવાય છે. હજાર સૂર્યના પ્રકાશથી પણ તેઓ ઉજ્જવલ અને તે ભગવાનને ધનંજય કોશમાં બ્રહ્મદેવ કહેવામાં આવ્યા છે.

(અપૂર્ણ.)

## ॥ ॐकार स्तोत्रम् ॥

( सं.-मुनीराज श्री प्रेमविमलजी महाराज, मु.-कोटा [राजपुताना] )

ॐकारे आदिरुपे सुकृतिबहुविधे श्वेतपीते च कृष्णे, नीले रक्तेकपोते तदुपरि रहिते सर्ववर्णे विवर्णे ॥ प्राणापाने समाने विपरितकरणे व्यानउद्यानपीठे, पाताले चांतरिक्षे दश दिशिगगने सप्त शैले समुद्रे ॥१॥

भूतौ काष्ठे च लोष्ठे क्षितिजलपवने स्थावरे जंगमे वा, बीजं सर्वौषधीनामसुरसुरपतौ पुष्पपत्रे तुणाग्रे ॥ शब्दे स्वादे च नादे रविशशिभुवने तारके भादिरुपे, कामे क्रोधे विरोधे विहितमुनिने हास्यक्रीडा विनोदे ॥२॥

जाग्रत्स्वप्ने सुषुप्तौ सत्वरजतमसे सर्वधर्मे तुरीये, शीतेचोष्णे च सौम्ये भयभ्रमगहने पुण्यपापे विकारे ॥ द्वेषे रागे विरागे विकृतबहुगुणे कालरुपे विकाले, सौख्ये दुःखे त्वमेको स्फुरति मनमये सर्वशुद्धे विशुद्धे ॥३॥

दैत्ये मुन्नीद्रवर्गे ग्रहगण विषये सिद्धगंधर्वयक्षे, योगे भोगे वियोगे प्रगुणितगुणिते बाल वृद्धे च यूनि ॥ शुद्धेशास्त्रे पुराणे बुधजनजठरे न्यायतर्के मीमांसे, स्थूले सूक्ष्मे समाने चलित दृढमते योगमुक्ते प्रसिद्धे ॥४॥

मंत्रे तंत्रे प्रकारे बहुरतिरचने संधिभेदेऽभिचारे, धूर्ते शांते विचारे प्रहसति विमने भूतके वीतरागे ॥ वृत्ते तीर्थे सुवश्ये जपतपनियमे स्नानदाने विधाने, कर्ताकर्मे कृतांते बहुमतभिमते ज्योतिरुपे कपाले ॥५॥

कर्मे कीटे पतंगे पशुजनमशके ह्यन्तरात्मे निरात्मे, ज्ञाने ध्याने प्रवीणे प्रभवित परमे नास्तिरुपे चकारे ॥ ब्रह्मे विष्णौ च रुद्रे अकुलकुलमये विश्वरुपे अतीते, मंत्रे यंत्रे उडीशे सुत्दृदहितजने सर्व विद्या गरीये ॥६॥

यत्ने यज्ञे सुरक्षे मृदुमय कठिने वज्रसारे असारे, धूम्रे दीप्ते च ज्वाले असितद्युतिमये कौस्तुभे पारिजाते ॥ युद्धे बोधेषु शास्त्रे अहितहितजये उग्रतेजो विशाले, ध्यानाध्याने विधाने जयविजयकरे भावभावे विभावे ॥७॥

रामारामेऽमृत विषमये लुब्धके चातिलुब्धे,
स्वर्गे नरकेऽखिलजनमये चेतचेतेऽचेते ॥

# "અભક્ષ્ય કંદમૂળ સ્વરૂપ"

લેખકઃ-મુનિ રામવિજયજી (ખંભાત)

જૈન શાસ્ત્રકાર ભગવંતોએ કંદમૂળને ત્યાગ કરવા બતાવ્યું છે. તેવુંજ અન્ય દર્શનકારોએ પણ "પુરાણ" વિગેરે ગ્રન્થોમાં કંદમૂળનું ભક્ષણ ત્યાગ કરવું કહ્યું છે. તેમાં જૈન શાસ્ત્રકાર પ્રતિપાદન કરે છે કેઃ-

**"साहारणपत्तेया, वणस्सइ जीवादुहा सुए भणिया.**
**जेसिमणंताणं तणु, एगा साहारणा तेऊ ॥१॥**

વનસ્પતિ જીવોના બે ભેદો છે. એક સાધારણ વનસ્પતિ અને બીજો પ્રત્યેક વનસ્પતિ, તેમાં એક શરીરને વિષે એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે અને એક શરીરમાં અનંત જીવો હોય તેને સાધારણ વનસ્પતિ કહેવાય છે. વળી સર્વ જાતિના કંદમૂળ વિગેરે સાધારણ વનસ્પતિની જાતિ છે અને સોયના અગ્ર ભાગથી પણ અતિસૂક્ષ્મતર એવા અલ્પ ભાગ જેટલા એક શરીરમાં અનંતા જીવો છે. તેનું દ્દષ્ટાંત બતાવે છે. એક લાખ કે વધારે ઔષધી ભેગી કરી તેનું ચુર્ણ બનાવીને, કપડાથી તેને ચાળી નાખ્યા પછી પાણી નાખીને તેને ઘુંટી ઘુટીને પ્રવાહી બનાવ્યા, પછી સોયના અગ્રભાગને તે પ્રવાહીની બનેલી ઔષધીમાં બોળીએ તો તેથી એક અતિ બારીક અગ્ર ભાગ ઉપર લાખો ઔષધીના અંશ આવે છે, એ વાત જેમ શ્રદ્ધા ગમ્ય તેમજ બુદ્ધિ ગમ્ય સત્ય જણાય છે, એવા દ્દષ્ટાંતથી જ્ઞાની પરમ કૃપાળુ ભગવાને કેવલજ્ઞાનના બળથી એક બારીક શરીરોમાં અનંતા જીવો જોયા છે. વળી એક રતીભાર સારામાં સારો રંગ લઇ પાણીના એક ઘડામાં નાખ્યો હોય તો બધું પાણી આછા રંગવાળું દેખાય તે પાણીમાં બારીક સોયનો અગ્ર ભાગ બોળીએ તો તે અગ્રભાગ ઉપર રંગનો બારીક ભાગ આવે છે. એ પણ શ્રદ્ધા ગમ્ય અને બુદ્ધિગમ્ય તેમજ યુક્તિ ગમ્યથી સાચુંજ મનાય છે. એવા દ્દષ્ટાંતથી સમજતાં કંદમૂળનો એક અતિ બારીક ભાગ જેટલું તે જીવોનું ઔદારીક શરીર છે અને અનંતા જીવો ઔષધીના દ્દષ્ટાંતથી સમજાય એવા છે. જીભના સ્વાદમાં લુબ્ધ બની જીવો કંદમૂળનું ભક્ષણ કરે છે. અને અભક્ષ્ય ભક્ષણથી અવિવેક સેવી ઘણું પાપ બાંધે છે. તે ઉપર અન્ય દર્શનકાર, જૈનેત્તર ધર્મના વિદ્વાન રૂષીઓ પણ પદ્મપુરાણના પ્રભાસ ખંડમાં લખે છે તેથી પણ કંદમુળ અભક્ષ્ય છે એમ સાબીતી નિઃશંસયપણે થાય છે. તે શ્લોક નીચે પ્રમાણે કહેલ છે.

**चत्वारो नरकं द्वारा ॥ प्रथमं रात्रि भोजनम् ॥**
**परस्त्री गमनमं चैव ॥ संघानानंतकायिके ॥**

નરકમાં જવાના ચાર દરવાજા છે. (૧) પ્રથમ રાત્રી ભોજન (૨) બીજા

દરવાજા રૂપે પરસ્ત્રીગમન (૩) ત્રીજા દરવાજા રૂપે બોળ અથાણાં અનેક જાતના વળી (૪) ચોથા દરવાજારૂપે કંદમૂળ (અનંતકાય) કહેલ છે. વળી શીવપુરાણે આ પ્રમાણે કહ્યું છે. તેના શ્લોક નીચે પ્રમાણે જાણવા:-

यस्मिनगृहे सदानित्यं ॥ मूलकं पाच्यते जनैः ॥
स्मशानतुल्यं तद्गेहम् ॥ पितृभिः परिवर्जितं ॥१॥
मुलकेन समं चान्नं ॥ यस्तु भुङ्क्ते नरोऽधमः ॥
तस्य शुद्धिर्न विद्येत ॥ चांद्रायणशतैरपि ॥२॥
भुक्तं हलाहलं तेन ॥ कृतं चाभक्षभक्षणं ॥
वृन्ताकं भक्षणेचापि ॥ नरो यातिच रौरवं ॥३॥

એ ત્રણ શ્લોકનો ભાવાર્થ નીચે પ્રમાણે સદ્બુદ્ધિથી સ્વીકારવો.

જેના ઘરમાં હંમેશા મુળાનું શાક રંધાય છે તે ઘર સ્મશાન તુલ્ય જાણવું. વળી તે ઘર પિતૃઓવડે તજાય છે. વળી મુળાના શાક સાથે જેઓ અન્ન ખાય છે. તે અધમ મનુષ્યની શુદ્ધિ સેંકડો ચાંદ્રાયણ તપવડે પણ થતી નથી. જેણે આવા કંદમૂળ અભક્ષ્ય ખાધાં તેણે હલાહલ કાલકુટ જેવું ઝેર ખાધું વળી રીંગણાના શાક ખાવાથી તે નર મહા દુઃખદાયી એવી રૌરવ નામની નરક ભૂમીમાં જાય છે અને જમ લોકો તેને ઘણું દુઃખ આપી હેરાન કરે છે. વળી પદ્મ પુરાણે નીચે પ્રમાણે પુર્વના રૂષીઓએ કહ્યું છે.

गौरसं माषमध्यस्तु ॥ दुग्धादिके तथैवच ॥।
भक्षयेत तद् भवेदन्नं ॥ मांसतुल्यं युधिष्ठिर ॥१॥

કાચા દુધ કાચા દહિં કાચી છાશ સાથે અડદનું ભોજન ઉપલક્ષણથી સર્વ કઠોળોનું ભોજન કરે તો તે માસ તુલ્ય કહેવાય તેવી રીતે શ્રીકૃષ્ણ પાંડવોમાં વડિલ ભ્રાતા યુધિષ્ઠિરને ઉદ્દેશીને સંબોધન કરી જણાવે છે વળી મહાભારતે મધમાં દોષ જણાવ્યા છે. તેનો શ્લોક નીચે પ્રમાણે જાણવો.

संग्रामेणहि यत् पापं ॥ अग्निना भस्मसात् कृतं ॥
तत् पापं जायते तस्य ॥ मधुबिंदुप्रभक्षणात् ॥१॥

અગ્નિ વડે ભસ્મભૂત કરવાથી લડાઈમાં જે પાપ લાગે છે તેટલું પાપ એક મધુબિન્દુના ભક્ષણથી લાગે છે.

એવી રીતે જૈન દર્શનમાં પરમ કૃપાળુ ભગવાન શ્રી તીર્થંકર દેવોએ કેવળ જ્ઞાનના બળથી જોઈ કંદમૂળ રીંગણા મધમાં દોષ બતાવ્યા છે. જેવી રીતે શીવ પુરાણ, પદ્મપુરાણ અને મહાભારતમાં રૂષી મહારાજાઓએ પણ દોષ બતાવ્યા છે. વિશેષ સમજુતી ધ્યાનમાં રાખો તે એજ કે કાંઈ પણ બ્રાહ્મણ કે કોઈ પણ

જૈનેત્તર ઉપર લખેલ શ્લોકના અર્થ ફેરવી જીભના સ્વાદમાં લુબ્ધ બની ભોળા લોકોને ઠગવા જુદા જુદા અર્થ બતાવે. તો પણ જૈન અથવા જૈનેત્તર સુજ્ઞ બંધુઓએ અથવા બ્હેનોએ અજ્ઞાન વશથી ભોળવાઇ જવું નહિ એ વાત લક્ષ્યમાં રાખી અભક્ષ્ય વસ્તુ તજવી એજ આત્માને તારવાનો સાચે સાચો માર્ગ છે. કિં બહુના.

# -: પ્રથમ કર્મગ્રન્થ પદ્યાનુવાદ સહિત. :-

મૂલ કર્તાઃ-બૃહત્ તપાગચ્છ નાયક **શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ** મહારાજ.
પદ્યમય અનુવાદ કર્તાઃ-મુનિશ્રી **દક્ષવિજયજી** મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૩૬૦ થી અનુસંધાન)

**મૂલ- अणुगामि-वड्डमाणय,-पडिवाईयर-विहा छहा ओही।**
**रिउमइ-विउलमई मण,-नाणं केवलमिगविहाणं ॥८॥**

[અવધિજ્ઞાનના છ ભેદ]

અનુગામિ અનનુગામિ ને, વર્દ્ધમાન ને હીયમાન ને,
પ્રતિપાતિ અપ્રતિપાતિ અવધિ,-ભેદ ષટ ને જાણુ ને.

[મનઃપર્યવ ને કેવળજ્ઞાનના ભેદ]

ઋજુમતિ ને વિપુલમતિ ઇમ, દુવિધ મનઃપર્યાયને,
જાણુવળી એક ભેદવાળા, વિમળ કેવળજ્ઞાનને. (૮)

**મૂલ- एसिं जं आवरणं, पडुच्व चक्खुस्स तं तयावरणं।**

૨ દર્શનાવરણીય કર્મ.

**दंसण-चउ पण-निद्दा, वित्ति-समं दंसणावरणं ॥९॥**

[ઉદાહરણ સહિત પાંચ જ્ઞાનાવરણ ને નવ દર્શનાવરણ]

આંખને પાટા સમું જે, જ્ઞાન ને એ આવરે,
તે કર્મ જ્ઞાનાવરણ તેનું, ભાખિયું શ્રી જિનવરે;
ચઉ દર્શનાવરણો અને, મળી પાંચ નિદ્રાઓ ખરે,
પોળીયા સમ જાણુ નવવિધ, દર્શનાવરણીય રે ! (૯)

**મૂલ- चक्खूदिट्ठि-अचक्खू, सेसिंदिय-ओहि-केवलेहिं च।**
**दंसणमिह सामन्नं, तस्सावरणं तयं चउहा ॥१०॥**

[ચાર દર્શન ને તેનાં ચાર આવરણ]

દેખવું જે આંખથી તે, **ચક્ષુદર્શન** માનવું,
**અચક્ષુદર્શન** શેષ ચઉ, ઇંદ્રિય મનથી જાણવું;
**અવધિ કેવળ** એ ચઉ, સામાન્યથી ઉપયોગરૂપ,
ચાર આવરણો ચઉ,-દર્શન તણાં કહે જિનભૂપ. (૧૦)

मूल- सुह-पडिबोहा निद्दा, निद्दा निद्दा य दुक्ख-पडिबोहा ।
पयला ठिओवविट्ठस्स, पयलपयला उ चंकमओ ॥११॥
दिण-चिंति अत्थ-करणी, थीणद्धी अद्धचक्कि-अद्धबला ।

[પાંચ નિદ્રા]

તેહ **નિદ્રા** જેહમાં, સુખે કરીને જાગવું,
**નિદ્રા-નિદ્રા** જેહમાં, દુઃખે કરીને જાગવું;
ઉભા તથા બેઠાજ જીવની, ઉંઘ તે **પ્રચલા** કહી,
વળી ચાલતાની ઉંઘ તે, **પ્રચલા-પ્રચલા** છે સહી. (૧૧)
દિન ચિંતિતાર્થ કરાવનારી, ઉંઘ **થીણુદ્ધી** કહી,
વળી વાસુદેવ તણીજ અડધી, શક્તિવાળી તે કહી;

मूल- महु-लित्त-खग्ग-धारा,-लिहणं व दुहा उ वेअणिअं ॥१२॥
ओसन्नं सुर-मणुए, सायमसायं तु तिरिअ-निरएसु ।

## ૩ વેદનીય કર્મ.

[દૃષ્ટાન્ત પૂર્વક વેદનીય કર્મના ભેદ]

જે લિપ્ત મધથી ખડગધારા, ચાટવા સરખું જ છે,
સાતા અસાતાથી દુવિધ તે, **વેદનીય** જ કર્મ છે. (૧૨)

[ચાર ગતિમાં સાતા અસાતાનો પ્રાયિક વિભાગ]

પ્રાયે કરીને દેવ નરમાં, હોય સાતાવેદની,
તિરિયંચ ને વળી નારકી,-માંહિ અસાતાવેદની;

मूल- मज्जं व मोहणीअं, दुविहं दंसण-चरणमोहा ॥१३॥

## ૪ મોહનીય કર્મ.

[દૃષ્ટાન્ત પૂર્વક મોહનીય કર્મના ભેદ]

મદિરા સમું મુંઝાવનારૂં, **મોહનીય** જ કર્મ છે,
દર્શન અને ચારિત્ર મોહની,-ભેદથી તે દુવિધ છે. (૧૩)

मूल- दंसणमोहं तिविहं, सम्मं मीसं तहेव मिच्छत्तं ।
सुद्धं अद्धविसुद्धं, अविसुद्धं तं हवइ कमसो ॥१४॥

[દર્શન મોહનીયના ત્રણ પ્રકાર]

મિથ્યાત્વનાં જે શુદ્ધ પુદ્ગલ, તેહ **સમકિત મોહની**,
અર્દ્ધ શુદ્ધ જ પુદ્ગલો તે, જાણુ **મિશ્રજ મોહની;**
**મિથ્યાત્વ મોહની** જાણીએ, અવિશુદ્ધ પુદ્ગલ જેહનાં,
ત્રિવિધ દર્શનમોહની ઇમ, માનીએ હે ભવિજનાં ! (૧૪

(અપૂર્ણ.)

# નૂતનપંથીઓથી સાવધાન!

લેખક:-અનુભવી અમદાવાદી.

દુ:ખની લાગણીપૂર્વક લખવાની ફરજ પડે છે કે કેટલાક નૂતન પંથીઓનું માન જૈન સમાજના ફાળે પડેલ છે અને તેઓના તાંડવ નૃત્યોએ ભારે તોફાન સમાજમાં મચાવી મૂકેલ છે, તો તેવા નૂતન પંથીઓથી સાવધાન રહેવાની સૂચનાઓ અવારનવાર શ્રીમાન વ્યક્તીઓ તરફથી પેપરોમાં વાંચીએ છીએ. તેઓને ગામે ગામના ડાહ્યા પુરૂષો તરફથી નવો પંથ સ્થાપવાના પાપથી બચે અને શ્રી. સકળ સંઘમાં એક સંપી રહે તેવી જ લાગણીઓથી તેમને અજમાવી રહેલ છે. છતાં હાર્યો જુગારી બમણું રમે તેવું આ નૂતન પંથીઓના ભક્તોમાં જોવામા આવે છે. ખેર તેઓ આવા કલેષિત્ વાતાવરણ ઉત્પન કરવાના ઘોર પાપથી બચો. અને ધર્મમાંથી પણ ચ્યુત થતા બચો તેમજ પ્રાચીન પરંપરા તથા પુજ્ય પુરૂષોની અવજ્ઞા કરવાથી ઘોર અન્યાય કરી રહેલ. છે, તે બધું કેમ તેમના ધ્યાન બહાર રહે છે? આવા આવા તો અનેક અનર્થો થઇ રહેલ છે અને તેજ અનર્થોમાં તેઓ ધર્મ માને છે કે શું? શ્રીમાન પુરૂષો તેમની આવી ચેષ્ટાઓ ઉપર ભારે ગ્લાની છોડે છે. અને તે બીચારાઓ હાંસીને પાત્ર બને છે તેમની વસ્તુ ધીમાન વ્યક્તીઓને દલીલોપૂર્વક સમજાવવી જોઈએ અને પોતાનો પંથ સાચો છે એમ સાબીત કરવાને બદલે તે બિચારાંઓ કંઇને કંઈ ઉંધાચત્તુ ભરડી નાખે છે. ખેર, કયાંથી સમજાવે? એમની પાસે દલીલો હોયજ શાની? અને જ્યાં દલીલો ન હોય તેવા માણુસનો બકવાટ પંડિતોને દુ:ખ આપવાવાળો થાય તેમાં શું નવાઈ છે? ખરેખર, તે મહાનુભાવો પાસે પક્ષમોહ સિવાય કોઇ વસ્તુ પ્રમાણિક કે વિચારવા યોગ્ય ધીમાનોને મળેજ કયાંથી? તેઓ ઉપરથી ધર્મનો ડોળ વધારે કરતા જણાય છે અને ધર્મીઓને ઠગવા જેવું રૂપક ધારણ કરે છે. પરંતુ ધર્મીઓના કાળજા ઠેકાણે છે, તેવા દંભીઓના દંભમાં ફસાય તેમ નથી. વળી તેઓ જૈનશાસનની હેલણા કરવાવાળા ભાઇઓને શાન્ત રહેવાની સુચનાઓ આપે છે. મીત્રો જ્યાં રાગદ્વેષની પ્રણાલિકા ચાલતી હોય ત્યાં ધર્મરાજા ટકી શકે ખરા કે? ખેર, આવા પામર જીવો તરફથી ધર્મી સમાજને ભારે ભોગ આપવો પડે છે અને આપવો પડશે જ કારણ કે દુનીયામાં પંડીતો કરતાં મૂર્ખાઓનું સામરાજ્ય વધારે વર્તી રહેલ છે. જેથી ધર્મીઓએ જરાએ ગભરાવાનું નથી. એતો પોતાનો નિર્મળ એવો ધર્મ નિર્મળ હૃદયથી આરાધન કરશે.

મહાવીરદેવના વખતમાં ગોશાળાએ કેવલ પૂજાવાંની દ્રષ્ટીએ જ નૂતનપંથ કાઢયો હતો એ તો સૌ કોઈ જાણે છે. તો આપણે વર્તમાન કાલે પણ

આ નૂતન પંથીઓનું તુત તિથિ પ્રકરણને આડું ધરીને એવું તો નહિં જ હોય? જો તેમજ હોય તો ખરેખર શાસનદેવ તેમને સદ્‌બુદ્ધિ આપો. પૂર્વે તેમના જ તરફથી ગર્ભાષ્ટને ગર્ભાષ્ટનું પ્રકરણ જન્મ પામ્યું હતું તેના કરતા પણ આ તિથિ પ્રકરણે તો ખરેખર સમાજમા ભયંકર રૂપને આપવાવાળું થયું છે. ખરેખર આપણા બાપ દાદાઓએ તો તેમની દ્રષ્ટીએ ઉદય અસ્તના જ્ઞાન વગરના જ હશે? જો આ ઉદય અસ્તની બાબતમાં સરલતા હોય અને સમાજના કલ્યાણની ભાવના હૃદયમા્ વસેલી હોય તો તે વાત જરાએ કઠીન નથી. ધાર્મિક સમાજના કોઇક ભદ્રિક જીવો આ સ્વચ્છંદી ટોળામાં ખેંચાઈ ન જાય અને પોતાની પવિત્ર એવી ધાર્મિક ક્રીયાઓ શાસ્ત્રોક્ત રીતે આરાધી શકાય, એવા કારણોને લઇને શાસનને અનુસરવાવાળા સાધુઓને ચાતુર્માસમાં લાવે છે અને પોતાના પ્રાચીન અનુષ્ઠાનોને શાંતીપૂર્વક આરાધે છે. તે પણ તે વિમાર્ગીઓથી સહન થઇ શકતું નથી અને અનેક પ્રકારના આક્રમણો તે ધાર્મિક સમાજ ઉપર કરવાને તૈયાર થઇ જાય છે અને તેને સહન કરીને નીર્મળ રીતે પોતાનું આરાધન કરી શકે છે તે દેખીને તે દ્વેષીલાઓ ભારેમાં ભારે અનર્થો કરવામાં પણ બાકી રાખતા નથી. જ્યારે શાસન પક્ષવાળાઓ તેઓને સાફસાફ શબ્દોમાં કહી દે છે કે તમારો પંથ શાસન તથા પ્રાચીનતાથી રહીત છે અને પૂજ્ય પુરૂષોથી બીલકુલ વિપરીત છે. તેમજ ભદ્રીક જીવોને ભુલ ભુલામણીમાં નાંખવાનું આમાં તરકટ રહેલું છે, તો તમારા વાડાને તમેજ સંભાળો, અમારી આગળ તેની વાત પણ કરવી નહીં. પણ તે ભાઇઓને તે વાત રૂચે ખરી કે? તે તો ખરેખર એકદમ પોતાનું વણીક તેજ બતાવવાને માટે મેદાન ઉપર આવી જાય છે અને જાળ પહોળી કરવા જાય છે, પરંતુ તે બીચારાને ખબર નથી કે પોતાની જાળ પોતાને જ ફસાવે છે. આવો દાખલો હમણાં જ રાધનપુરમાં બની ગયો છે. બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપં? આ ઉક્તિએ સાગરના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ શાસનપક્ષના બે મુનીઓના વ્યાખ્યાનમાં નૂતનપંથીઓ કેટલાક ભાઇઓ આવતા હતા એકદા પોતાના પૂજ્ય પુરૂષોની પુણ્ય તિથિ આવવાની હોવાને કારણે અષાઢ વદ ૮ ને દિવસે વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ તપસ્વીજી પન્યાસ લાભવિજયજી ગણિવર્ય વ્યાખ્યાનમાં કહેવાને માટે આવેલ પં. મહારાજે પ્રારંભ કરતાં કહ્યું કે શ્રીમાન્ ભાવવિજયજી મહારાજે તમારા ગામ ઉપર અનહદ ઉપકાર કર્યો છે અને તેઓની પુણ્યતિથિ દર સાલ ઉજવાએલી છે અને આ સાલે પણ તેમના શિષ્યો અહીં હાજર છે, જેથી જરૂર શ્રી સંઘે ધ્યાન આપવાની ફરજ છે. સાથે સાથે પોતાના ગુરૂની તિથિ શ્રાવણ વદ ૫ ની આવે છે તો તેના ઉપર પણ ધ્યાન આપશો એવી મારી અરજ છે, અને પ્રવર્તકજી શ્રીકાન્તિવિજયજી મહારાજનો

# ગ્રંથાવળીની યોજના.

૧ નામ—"જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી ગ્રંથમાળા"

૨ ઉદ્દેશ—આ સંસ્થા મારફત શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના માનનીય પૂર્વાચાર્યોની કૃતિના ક્રિયાકાંડના અને ઉપદેશક અમૂલ્ય ગ્રંથો, આધુનિક પદ્ધતિએ વિદ્વાન લેખકોની કસાયેલી અને આકર્ષક વિદ્વતા ભરી કલમે લખાયેલા ધાર્મિક ગ્રંથો અને જૈન જગતની સમીપ જૈન જનતા રહી શકે તે માટે જૈન સમાજના તાજા સમાચારોથી ભરચક અખબારો આદિનું પ્રકાશન કરી તેનો સસ્તી રીતે બહોળા પ્રમાણમાં પ્રચાર કરવાનો રહેશે.

૩ સહાય—આ સંસ્થામાં નીચેની રીતે ભિન્ન ભિન્ન પ્રકારે કોઈ પણ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ સમુચિત રીતે કે છુટક સહાય કરી જ્ઞાન વિકાસનું પુન્ય ઉપાર્જન કરી શકશે.

૧ કોઇ પણ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ એકી સાથે રૂ. ૨૫૦૧) સંસ્થાને આપશે, તો તેમાંથી તેઓના નામની ઈલાયદિ ગ્રંથમાળા શરૂ કરી, પ્રતિ વર્ષે એક પુસ્તક ગ્રંથમાળાના મણકા તરીકે મદદ કર્તાની ઇચ્છા મુજબ કોઈ પણ વ્યક્તિનું જીવન ચરિત્ર અને ફોટો મુકી સંસ્થા તરફથી બહાર પાડીને લાગત કીમ્મતથી બહોળા પ્રચાર માટે વેચાણ તરીકે જાહેરમાં મુકવામાં આવશે.

૨ કોઇ પણ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ સંપૂર્ણ કે છુટક સહાય આપીને કોઇ પણ પુસ્તક પ્રકાશન કરાવવા સંસ્થા મારફત ઇચ્છતા હશે તો તેઓને તેમ કરી આપવામાં આવશે. પરંતુ તે પુસ્તક મૂળ ગ્રંથાવળીના ગ્રંથાંક તરીકે બહાર પાડવામાં આવશે, અને તે પણ સસ્તા સાહિત્યની યોજના મુજબ લાગત કીંમતથી વિશાળ ફેલાવા માટે વેચાણ તરીકે જાહેરમાં મુકવામાં આવશે.

૩ આ સંસ્થાને સહાય તરીકે કોઇ પણ એકી સાથે રૂ. ૧૦૦૧) આપી સંસ્થાના જીવન પર્યંતના પેટ્રન થઈ શકશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતા તમામ સાહિત્યની બબે નકલ ભેટ તરીકે આપવા ઉપરાંત સંસ્થા તરફથી મૂળ ગ્રંથાવળીના કોઈ પણ ગ્રંથાંકની એક હજાર નકલોમાં તેઓશ્રીનો ફોટો અને જીવનચરિત્ર આપવામાં આવશે.

૪ આ સંસ્થાને સહાય તરીકે કોઇ પણ એકી સાથે રૂ. ૫૦૧) આપી સંસ્થાના જીવન પર્યંતના પહેલા વર્ગના મેમ્બર થઇ શકશે. તેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતા તમામ સાહિત્યની એકેક નકલ ભેટ તરીકે આપવા ઉપરાંત સંસ્થા તરફથી મૂળ ગ્રંથાવળીના કોઇ પણ ગ્રથાંકની હજાર નકલોમાં તેઓશ્રીનો ફોટો આપવામાં આવશે.

૫ આ સંસ્થાને સહાય તરીકે કોઈપણ એકી સાથે રૂ. ૨૫૧) આપી સંસ્થાના જીવન પર્યંતના બીજા વર્ગના મેમ્બર થઈ શકશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતા રૂ. ૩–૦–૦ સુધીની કીંમતના તમામ સાહિત્યની એકેક નકલ ભેટ તરીકે આપવા ઉપરાંત સંસ્થા તરફથી મૂળ ગ્રંથાવળીના કોઇ પણ ગ્રથાંકની પાંચસો નકલોમાં તેઓશ્રીનો ફોટો આપવામાં આવશે.

૬ આ સંસ્થાને સહાય તરીકે કોઈપણ એકી સાથે રૂ. ૧૫૧) આપી સંસ્થાના પહેલા વર્ગના લાઈફ મેમ્બર થઇ શકશે જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતું અખબાર અને રૂા. ૦–૮–૦ સુધીની કીમ્મતના પુસ્તકોની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

૭ આ સંસ્થાને સહાય તરીકે કોઈપણ એકી સાથે રૂ. ૧૦૧) આપી સંસ્થાના બીજા વર્ગના લાઈફ મેમ્બર થઈ શકશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતું અખબાર અને અખબાર અંગેના ભેટના પુસ્તકોની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

૮ આ સંસ્થાને એકી સાથે રૂ. ૧૫) આપી કોઇ પણ વાર્ષિક સભ્ય થઇ શકશે. જેઓને સંસ્થા તરફથી તેજ સાલમાં પ્રકાશન થયેલા તમામ સાહિત્યની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

પ્રકાશન કેટલું? પ્રતિવર્ષે સંસ્થા તરફથી ઓછામાં ઓછુ એક માસિક અખબાર અને રોયલ કે ક્રાઉન સોલ પેજીના ૧૨૦૦ પાનાનું રસિક, ઉપયોગી, ઐતિહાસિક ક્રીયાકાંડ અને ધાર્મિક સાહિત્યનું પ્રકાશન કરી પેટ્રન, સંસ્થાના જીવન પર્યંતના દરેક વર્ગના સભ્યો, આજીવન સભ્યો અને વાર્ષિક મેમ્બરોને ઉપરના નિયમ મુજબ પુરૂ પાડવામાં આવશે.

**નોટ.** સંસ્થાના કોઈ પણ વર્ગના સભ્યોને જેટલી કીંમત સુધીના પુસ્તકો ભેટ આપવાના હશે તે વિના મૂલ્યે ભેટ આપવામાં આવશે. પરંતુ તેથી વધુ કીંમતનું જે પ્રકાશન સંસ્થા તરફથી બહાર પડેલ હશે તેની તે સભ્યોને જરૂરત હશે તો પોતાના હક ઉપરાંતની વધારાની કીંમત આપવાથી તે પ્રકાશન તેઓને મળી શકશે.

તા. ૪-૫-૪૨

"જૈન ધર્મ વિકાસ"
ઓફીસ ૫૯/૧ ગાંધીરોડ–**અમદાવાદ**.

મુદ્રક.–**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે–**અમદાવાદ**

મહોત્સવ સારી રીતે થાય તે પ્રમાણે કરશો. પ્રાન્તે પોતે કહેલ કે ભાઈઓ શાસ્ત્રોક્ત રીતીએ આવતી ચતુર્દશી મંગળવારે અમો કરવાના છીએ તો જેને પૌષધ પ્રતિક્રમણ કરવાવા હોય તે આવશો, એટલાજ શબ્દ બોલે છે. એટલામાં તો સભામાંથી એક સજ્જન નરપતલાલ ઉત્તમચંદને તાડુકી બોલે છે. જેઓ ઉંમરે વૃદ્ધ પરંતુ વિચારોમાં બાલક જેવા, જરા પણ વિચાર શક્તિ વિના જેઓ એવા એકદમ વિવેક કે સભ્યતાનું તો જરાએ ભાન જ રાખ્યા વિના તે આત્મા વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ ત્યાગી એવા પન્યાસજીને જેમ તેમ બોલે છે કે-તમો બોલનાર કોણ છો? તમને બોલવાનો અધિકાર શું છે? વિગેરે વિગેરે બોલીને પોતાની પ્રકૃતીનું ભાન જે મારા જેવાઓ નહિં જાણુતા હતા તેમને ખૂબજ કરાવ્યું અને તેમની જ સાથે તેમના ટોળાના બીજા સજ્જન ભાઇ જે તેમની સાથે આવેલ હતા તેમણે તે સજ્જનના માનની ખાતર હો કે પક્ષમોહની ખાતર હો તે હું બરાબર કળી શકેલ નથી. પરંતું તેમના વિચારોમાં સમત થઇને તેઓ પણ બુમો પાડવામાં સામેલ થઇ ગયા અને બન્ને સજ્જનો સભાની અંદર મગજનો કંટ્રોલ સાવ ગુમાવી બેઠા હતા. બાલકને પણ દેખીને તેમના પ્રત્યે ઘૃણા છૂટે તેવું રૂપ ધારણ કરી. આ મહાનુભાવોને યદ્વાતદ્વા બોલવામાં એ જરા પણ ભાન રાખ્યું નહોતું કે આ અપમાન હું કોનું કરી રહેલ છું તેનો પણ ખ્યાલ રાખેલ નહિ. નીતિકારો કહે છે કે-**तेऽवज्ञाता महाराज क्लाम्यन्ति विरमन्ति च** ખરેખર મોટા પુરૂષની અવજ્ઞા કરવાથી પોતાનીજ અવજ્ઞા થાય છે. આ ઉક્તિ આ સજ્જનો ઉપર ભારેમાં ભારે લાગુ પડી ગઈ છે વળી ગઈ સાલે પણ આવીજ બીના દુ:ખજનક બની ગએલ હતી, આવા બનાવ અવારનવાર બને જાય છે. પ્રચંડ વ્યાખ્યાનકાર શ્રીમદ વિજયલાવણ્યસૂરીજી મહારાજને પણ કેટલો કડવો અનુભવ થયો હતો. તેતો ધર્મીઓના હૃદયને હજી પણ રડાવી રહેલ છે ખેર. તે રાંકડાઓ ઘોર પાપ બાંધતાં પણ ડરતા નથી, વળી ધર્મીઓની બહુજ સતાવણી કરે છે. જે વસ્તુ સમગ્ર સમાજ જાણે છે. જેથી હવેથી રાધનપુરમાં સારો સાધુ આવતાં તો જરૂર વિચાર કરીને જ પગ મુકશે.

આ સાલે શાસનપક્ષીઓ બહુજ ગભરાઇ રહ્યા હતા કે ગઇ સાલના બનાવના લીધે આ સાલ કોઈ સાધુ નહીં આવે, એવામાંજ ધર્મીઓના પુણ્યોદયે શાસનપક્ષના પવિત્ર આચાર્ય શ્રીમદ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના બે શિષ્યો યાત્રા નિમિત્તે આવતા તેમને શાસનપક્ષવાળાઓએ અનેક પ્રકારની વિનવણીઓ કરી તેમના વડીલોની રજા મંગાવીને રોકેલ હતાં. શાસનપક્ષનો મોટો ભાગ તે બે મુનીઓ તથા અત્રે સ્થાયિ રોકાએલ વયોવૃદ્ધ પં. લાભવિજયજી ગણિવર્યની છાયામાં પોતાના ધાર્મિક પર્વોના પવિત્ર અનુષ્ઠાનો નિર્મળ હૃદયે આરાધી રહેલ હતાં. તે દેખીને વીમાર્ગીઓને દ્વેષ આવેલ, જેથી કોઇ પણ પ્રકારે વિક્ષેપ નાંખવો

એવી ભાવના સેવી રહેલ હતી જે તેમની ભાવના અષાડ વદ ૮ના રોજ પુરી થઇ ગઇ અને ઉપરનું વિષ મળવાથી ભારે ધાંધલ કરી મુકેલ હતી. તે ભાઇઓ છડે-ચોક સભાની અંદર જેમ તેમ બોલતા હતા, છતાં પણ ધર્મીવર્ગ તો જરાએ બોલતો ન હતો. જ્યારે તેઓએ મર્યાદા મુકી ત્યારે ધર્મીવર્ગમાંથી એક ભાઇ મર્યાદાપૂર્વક કહે છે, કે તમોને સાધુઓએ શું કહેલ છે? કે જેથી આટલું બધું અપમાનજનક બોલો છો? આવી વર્તણુંક તમને ન શોભે, છતાં પણ તે સજ્જન પોતાનું ભાષણ ચાલુ જ રાખ્યું હતું. જેથી શાસનપક્ષમાંથી શેઠ. દલપતભાઇ પારેખ બોલ્યા કે તમોને સાધુજી મહારાજને બોલતાં રોકવાનો અધિકાર શું છે? બોરના ઠીંટ જેટલું પણ જ્ઞાન તો છે નહિં અને જેમ તેમ સાધુજીની સામે બોલે રાખો છો. પછી વાતાવરણ ગરમાગરમ થઇ જતા બન્ને વ્યક્તિઓ સમજ્યા કે આપણે બોલતાં તો બોલી ગયા પરંતુ ખરેખર કાં તો પોતાની ભૂલ સમજ્યા હોય અથવા શાસનપક્ષના ધર્માઓના તેજને સહન ન કરી શક્યા હોય, ગમે તે કારણ હો, પરંતુ સભા છોડી જવામાં જ પોતાનું માન જળવાઇ રહેશે તેમ સમજ્યા હોય, યાતો તેમને એવો ભાસ થયો હોય કે આ ધર્મીઓ સાધુજી પાસે આપણને માફી મંગાવશે. વગેરે વગેરે કારણોથી ભાગ્યવાનો સભા છોડવાને તૈયાર થયા પરંતુ તેમની રેવડી કરવાનું બાકી રહેલ હશે, તેથી બે ભાઇઓએ તેમને પકડીને બેસાડી દીધા. ત્યાર પછી સભાનો કોપ તે ભાગ્યવાનો ઉપર ઉતરવામાં કંઈ બાકી રહી નહોતી, તે વખતનું વાતાવરણ બે ઘડી કોમીક જેવું લાગતું હતું. તેમાં વળી મહીલા મહાજન તરફથી તો એટલા બધા ચિત્રવિચિત્ર અવાજો આવવા લાગ્યા કે આ શું મોં લઇને કુદી રહેલ છે. એમને બહાર કાઢો અર્થાત્ બોલતા બંધ કરીદો. પ્રાન્તે ગુરૂજીએ પચ્ચખાણનો પાઠ આપીને સર્વ મંગલનો ધ્વનિ સંભળાવી દીધો. પછી તો સભાનો કાબુ છૂટી ગયો. અને આબાલવૃદ્ધ સૌ કોઇ તેમને વિવિધ વાનગીઓનું પીરસણું આપવા લાગ્યા. બન્ને ભાઇઓ તો નીચું મોં ઘાલીને ચાલ્યા ગયા. સભાજનો દુઃખીત હૃદયે મુનિઓ પાસે આવ્યા અને કહે છે કે સાહેબજી આપ મન ઉપર જરાએ લાવશો નહિં, તે તો બીચારા આવેશયુક્ત છે અને તેમનું જીવન ઝગડામાં જ જાય છે. તેઓ મહોલ્લામાં પણ તેવી જ રીતે વાતવાતમાં લઢી પડે છે. આપ જરા પણ મનમાં લાવશો નહિં અને અમને શાંતીપૂર્વક આરાધન કરાવો. મુનીઓ કહે છે કે તે બીચારાઓએ કેટલાં ચીકણાં કર્મ બાંધ્યા હશે, તેની અમને દયા આવે છે અને કેટલાં આવી રીતે બાંધતા હશે. ભાવિ તેનો બદલો તેમને મળી રહેશે. શાસનદેવ સર્વેને સદ્બુદ્ધિ અર્પે અને સમાજમાં કુસંપના બીજ રોપતાં અટકાવે. એજ અભ્યર્થના.

# શ્રી સામાન્યજીણુંદ-સ્તવનમ્

રચયિતા : મુનિશ્રી સુશીલવિજયજી

[ ચલે પવનકી ચાલ-જગમેં ચલે પવનકી ચાલ...એ રાગ. ]

ભજો જીણુંદકો આજ ભવિયા !-ભજો જીણુંદકો આજ;
યહી તારક હૈ ભક્ત જનોંકા, યહી જગત શિરતાજ.-ભજો૦ ( ૧ )
તીને ભુવનમેં પરમ પૂનીત હૈ, સેવે સૌ સમાજ;
શંભૂ, સ્વયંભૂ, વિષ્ણુ, વિધાતા, વ્હોહી હે જિનરાજ.-ભજો૦ ( ૨ )
કળીયુગમેં ભી, નાથ નિરંજન, દેવે મુક્તિ કે રાજ,
સુરનરાદિ, સ્મર સ્મર પાવે, સચ્ચા સુખકા સાજ;
પાર કરેયે સુશીલ નૈયા, ભવસિન્ધુ સે આજ,
જહાં પહોંચને પર સુખ મીલે, સાથ બસે જિનરાજ.-ભજો૦ ( ૩ )

-: અક્ષયનિધિ તપ આરાધક નવ વર્ષનો બાળક :-



શ્રી કસ્તુરચંદ ચુનીલાલ.

# મનસાગરનાં મોજાં.

લેખકઃ-બાપુલાલ કાલિદાસ સંઘાણી. 'વીરબાલ'

(અંક ૧૦ પૃ૦ ૩૨૧ થી અનુસંધાન)

આપણે જાહેરમાં લીધેલી પ્રતિજ્ઞા કે નિયમો બરાબર પાળીએ તે ખરી પ્રમાણિકતા નથી, એવી પ્રતિજ્ઞા કે નિયમો તો આપણે ઘણીવાર લોક ડર કે શરમથી જ ન છુટકે પાળીએ છીએ, ખરી પ્રમાણિકતા તેજ કે જે પ્રતિજ્ઞા કે નિયમ આપણે આપણા અંતરમાં કરી હોય અને આપણા સિવાય અન્ય કોઈ જાણતું ન હોય તેને બરાબર પાળીએ તો જ.

આપણા આત્મા સાથે એવી સરત કરી હોય કે હું બે લાખની રકમ જ મારી મિલ્કત તરીકે રાખીશ, તેનાથી વધે તે સદ્કૃત્યમાં ખરચીશ, તે રકમ કરતાં મુડીમાં એક લાખનો વધારો થાય ત્યારે મન મારફત આપણી જાતને છેતરી પચાસ હજાર ખરચીએ એથી દુનિયા ભલે આપણને ઉદાર કહે પણ ખરી રીતે તો આપણે અપ્રમાણિક અને પ્રતિજ્ઞાદ્રોહીજ છીએ, કેટલીકવારનાં બાનાં અને દલીલો તો આત્માની જ છેતરપીંડી હોય છે. આવી તો અનેક પ્રતિજ્ઞા તોડી આપણે આત્મા સાથે અપ્રમાણિકતા કરતા હોઇએ છીએ તે દરેક વિચારક સમજી શકશે, જે માણુસ આત્માને છેતરતો નથી, તેજ ખરો પ્રમાણિક છે.

તમો ચહા પીવો છો? તમે વિષય (મોજશોખ, વિલાસ) ભોગવો છો? તમે સત્તા ચલાવો છો? ઉતાવળીયા થઇ હાનો ઉત્તર આપતા પહેલાં ઓ પ્રિય! વિચાર કર! વિચાર કર! તું શું કેફી પીણું, વિલાસ, સત્તામદ શોખથી ભોગવે છે, કે તેઓ તારા હૃદય ઉપર અધિકાર જમાવી તને નચાવે છે, ભોગવે છે. ચહાના વ્યસન ઉપર તું સત્તા ધરાવે નહિ તો ચોક્કસ માનજે કે ચહા તને પીવે છે. તું વ્યસની છો, વિષય વાસનાના વેગને તું આત્મશોખથી ના અટકાવી શકે તો તું માનજે કે વિષયવાસનાને તું નહિ પણ વિષયવાસના તને ભોગવે છે. શું તું સત્તા શોખને ખાતર વાપરે છે કે સત્તાનો ક્રોધ તને હથીયાર બનાવી શું નું શું કરાવે છે.

જો ત્હારી શ્રદ્ધાની બહાર છટકી, ત્હારી ઇચ્છા નહિ છતાં કેફી પીણાં, વિષય વાસના, ક્રોધના ભોગ, મનની નિર્બળતાથી બનવું પડતું હોય તો નક્કી જ છે કે તે તને ભોગવે છે, તું એનો ગુલામ છો, આ માટે આનંદઘન પુકારે છે કેઃ—

"જે તેં જીત્યારે તેણે હું જીતીયોરે, પુરૂષ કિશ્યું મુજ નામ."

(અપૂર્ણ)

# જૈન યુવક સંઘોની જરૂર!

લેખક : શાન્તમૂર્તિ શ્રીસદ્દગુણાનુરાગી કર્પૂરવીજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૩૬૪ થી અનુસંધાન. )

મ્હારે કહેવું જોઇએ કે વાતાવરણના પ્રભાવે જૈનોમાં યુવકસંઘ એવું નામ ધરાવતી કેટલીક સંસ્થાઓ હશે, અને છે, પણ એ યુવકસંઘો કે યંગ-મેન સોસાયટીઓ કોઈ ચોક્કસ પક્ષ, ટોળી, ફિરકા કે તકરારોના હથીયારરૂપ વપરાય છે, યુવાનીનો ઉત્સાહિક પંથ ભુલી ફિરકાઓ અને ઝગડાઓને ઉત્તે-જન આપે છે, ત્યારે એ યુવાની તરફ સાચેજ દયા આવે છે. ધોળે દિવસે ગોધરામાં બન્યું તેમ સંખ્યાબંધ માણસો ઉપર લાઠીરાજ્ય ચલાવી શકાય, જૈનોની બ્હારે આવનાર સેવાભાવી વકિલનું મરણ થતું જોવા છતા જૈનો જીવ લઈને નાશી જાય અને તાજેતરમાં પેલી સુશીલ દિગંબર બ્હેનપર બળાત્કાર જેવા ગોઝારા અને હિચકારા બનાવને જૈન પ્રજા નામર્દાઇથી નીરખી રહે, આથી વધારે શરમ શી હોઇ શકે ? એટલે જ્યાં જ્યાં જૈનપ્રજામાં યુવાનસંઘો હોય ત્યાં ત્યાં તેણે આદરેલી પાક્ષિક પ્રવૃત્તિઓને છોડી દઇ સમગ્ર જૈનપ્રજાના દુ:ખ તરફ દોડી જવું એ આદર્શ નક્કી કરી, અખાડી અને બીજી અંગ કસરતોથી ધર્મ અને આત્મરક્ષણનો આદર્શ ધ્યાનમાં રાખી શરીરબળ ખીલવે અને બહા-દુર પહેલવાન બને.

શ્રીનિવાસ આયંગર, પંડિત જવાહીરલાલ નહેરૂ, અને બંગાળના વીરલા બાબુ સુભાષચંદ્ર બોઝ જેવા યુવાનોના નાયકોની ભાવના, મહેરબ્ધ, અને શક્તિનું અનુકરણ કરે, બાદશાહી સુકુમારતાનાં પોષાયેલા પંડિત જવાહીરલાલે લખનૌના લાઠીરાજ્યમાં જે બહાદુરી અને નિર્ભયતાનો ઉન્નત આદર્શ સમાજ સામે રજુ કર્યો એ વીર અને ઉન્નત આદર્શ તરફ જૈનયુવાનો પગલાં માંડે એ અતિ ઇચ્છવા યોગ્ય છે, ભારતવર્ષના વિકાસમાન સુશિક્ષિત અને પ્રગતિશીલ જૈનયુવાનો ભેળા મળી કોઈ એક અનુકુળ સ્થળે જૈન યુવક સંઘ સંમેલન મેળવે, એ અતિ જરૂરી અને સમયસર છે, તેમ થવાથી કયા પ્રાંતમાં યુવાનોને અનુકુળ થાય એવું કયું કાર્ય છે, શી પરિસ્થિતિ છે, કઈ જાતની મુશ્કેલી છે, અને શી અનુકુળતાઓ છે, એનો વિચાર વિનિમય થઇ શકે અને તેમ થવાથી દેશના અપ્રગટ ભાગમાં પડેલા સેવાભાવી જૈનયુવાનોને સંગઠિત થવાની તક સાંપડે, સંગઠન વિના આજના યુગ બળ સાથે પ્રયાણ કરવું અશકય નહિ તો દુશકય તો છે જ, અને આ મુશ્કેલી યુવાનોનું સંમેલન અને સંગઠન પલમાં મીટાવી શકે તેવી છે, જૈનયુવાનો પોતાનો સહચાર અને સહકાર કેળવે, એક બીજાને અપનાવે તો કહેવાની જરૂર ભાગ્યે જ છે કે એમાંથી જે સુંદર પરિ-

ણામ આવે, એની શક્તિની જે અનેરી જમાવટ થાય અને ઉત્સાહ તથા આશાનાં પુર સમાજપર ફરી વળે એનો ખ્યાલ કે કલ્પના અત્યારે આપવી મુશ્કેલ છે. હિંદ અને હિંદબહારના દેશોમાં યુવાનોએ જે કરી બતાવ્યું છે તેની સાક્ષી ઇતિહાસ આપે છે, ત્યારે જૈન યુવાનો પોતાનું સંગઠન કરે તો તેમાંથી ભારે સુંદર ફળ નીપજે એ આશા વધારે પડતી તો નથી જ.

# संसार परिवर्तन शील है

लेखक–कल्याणकिंकर जैन भिक्षु कुशलविजय, अहमदाबाद.

प्रिय मित्रों !

प्रकृति का यह अटल नियम है कि पदार्थों को पर्य्याय समय २ पर पलटती ही रहती है। या यों कहना चाहिये कि संसार परिवर्तन शील है। आज हम जिस वस्तु को नूतन रुपमें देखते हैं वही कालान्तर से जीर्ण शीर्ण देखि जाति है। वस्त्र, पात्र, मकान आदि किसी भी वस्तु को देख लिजिये। संसार में एसी कोई भी वस्तु नही मिलेगी जो कि सदाकाल एकसी रहती हो। एसा क्यों होता है? इसि लिये कि संसारका स्वभावही परिवर्तनशील है। मनुष्य का बाल्यजीवन कितना सुन्दर और प्रिय होता है। शरीर पर वस्त्र—दागीने आदि नही होने पर भी वह बालक कितना प्रिय लगता है? स्वच्छता से रहने वाले भी उस बचेको गोदिमें लेकर खेलाते हैं। प्यार करते हैं। परन्तु कालान्तर में वही बालक जब परिवर्तन अवस्थामें आ जाता है तब उनका रुप और ही हो जाता है। कपडे दागीने आदि पहनने पर भी पूर्ववत् मनोहरता नही रहती। अगर जो कपड़े आदि नही पहनाये जाय तब तो उनका रुप दर्शनिय (?) ही हो जाता है। ज्यों २ परिवर्तन होता जाता है वहां वहां विकारभी उत्पन्न होते रहते हैं, वृद्ध अवस्था तक की परिवर्तनतामें मनुष्यकी क्या २ स्थिति होती है यह तो प्रत्यक्ष अपन अनुभव कर ही रहे है। मतलब यह है कि परिवर्तन धर्म सर्व पदार्थोंमें रहा हुआ है। इसी लिये तो एक गंभीर वेदना के साथ कहना पड़ता है कि इस नियमसे तीर्थंकरोंका शासनभी वंचित नही रह सका। चरम तीर्थङ्कर प्रभु महावीर परमातमा के शासन की आज २५ वीं शताब्दि जा रही है। इस लम्बी अवधि तक शासन में कितना परिवर्तन और विकारको स्थान मिला है यह तो इतिहास ही घोषित कर रहा है।

१२॥ वर्ष तक घोर तपस्या करके प्रभु महावीरने शासन (तीर्थ) रूपी दिव्य शरीरका निर्माण किया था। उस समय यह शासन अत्यन्त कान्तिमय, मनोहर और बीजके चन्द्रवत् बाल्य अवस्थामें था।

बड़े बड़े राजा महाराजा चक्रवर्ति वासुदेव आदि इनके शासनमें आकर अपने को परम भाग्यशाली समजते थे। सर्वस्व अरपण करके भी इस शासनकी सेवा करते थे। साक्षात् देवलोक जैसे इन्द्रीय जनित सुख भोगने वाले श्री शालिभद्र, राजपुत्र मेघकुमार, श्री जम्बुकुमार जैसे पुन्यशाली आत्मा कंचनवरणी कोमलांगी इन्द्राणियों को लज्जित करने वाली स्त्रियोंको भी ठुकराकर इस शासनकी शरण लेते थे। परिवर्तन शील के नियमानुसार शासन जब युवावस्था में आया तब तक तो इनका शरीर इतना हृष्टपुष्ट और विस्तिर्ण क्षेत्रमें हो गया कि दुसरोंको ठहरने का अवकाश भी नही मिल सकता इनके सेवक भी ऐसे हुए कि इनके स्वास्थ्यकी रक्षा करते हुए उत्तरोत्तर उन्नति ही करते रहे जैसे ओशवंश संस्थापक श्री रत्नप्रभसूरि सम्राट सम्प्रति को प्रतिबोध देने वाले आर्य्य सुहस्ति सुरि दुष्कालके कारण संघकी रक्षा करनेवाले आर्य्य वज्रस्वामि आदि महापुरुषोने अपनी शक्ति द्वारा शासनकी अपूर्व सेवा की जिससे सर्वत्र महावीर के सिद्धान्त का प्रचार हो गया। एसा होना स्वभाविक ही था क्योंकि अब तक शासन की बाल अवस्था से युवा अवस्था ही थी।

पर कहा है कि युवावस्था के ढलते ही इसमें भी विकार उत्पन्न होने लग गया फल स्वरूप वीरात् ६०९ में निश्चयनय को ही पकड़ कर जितकल्पी की नकल करने वाले कुछ बन्धुओने शासन के एक अंग को पृथक रुप कर डाला और सूत्र साहित्य भी सब नये बनाकर दिगम्बर सम्प्रदाय के नामसे अपनी अलग खिचडी पकाने लग गये।

शासन सेवक महाप्रभावक आचार्योंने इस बिमारी को नष्ट करने का भर–सक प्रयत्न किया। और शासनरक्षा एवं शासन्नोन्नति के ध्येयसे पृथक पृथक समुदाय की व्यवस्था की।

फल यह हुआ कि भिन्न२ गच्छ होते गये भिन्न२ समाचारियें होती गई। "वाड़ खेंत को खाय" जैसी स्थिती हो गई। फिर भी शासनरक्षा–एवं उन्नतिमें सबका एक ध्येय रहा, अतः यह यह कम सौभाग्य की बात नही है। कुछ समयानन्तर शासन वृद्ध अवस्था आने लगा।

आप जानते हैं कि वृद्ध अवस्था मे स्थिती कैसी हो जाती है। ठीक यह स्थिती हमारे शासनके लिये भी होने लगी। भिन्न २ गच्छ एवं समाचारी होने से स्वच्छंदता बढ़ती गई, फल स्वरुप शैथल्यताने अपना राज्य जमाया, सद्भाग्यसे कलिकाल सर्वज्ञ भगवान् हेमचन्द्राचार्य, उपाध्याय यशोविजयजी जैसे बड़े बड़े प्रभावशाली शासनसेवकोंका आवीरभाव हुआ। और सर्वत्र शासनकी उन्नति के प्रयत्न किये।

क्रियोद्धारक पंन्यास सत्यविजय गणिने क्रिया उद्धार करके शासनको एक प्रकार से वृद्ध अवस्था में गये हुए को फिर से युवक बना दिया। पर आखिर तो वृद्ध अवस्था ही थीन ?

वि. सं. १५०८ में शासन भंजक महोदय (?) श्रीमान् लोंकाशाह और साधुओका द्वेषी कडुआशाह का आविर्भाव हुआ। अपराध विशेष से गुरु महाराज के द्वारा तिरष्कृत हो जाने पर यवनोंकी सहायतासे आत्मकल्याण का मुख्य साधन मूर्तिपूजा सामायक पोषध प्रत्याख्यान आदि २ क्रियाओंका निषेध करके अपने नामसे पृथक पन्थ चला दिया। सद भाग्य से प्रातःस्मरणीय आचार्य प्रवर श्री हीरसूरीश्वरजी महाराज तथा श्री आनन्दविमलसुरि आदि जैसे महापुरुषोने अपनीं विश्वविजयी प्रतिभाद्वारा शासनकी सुव्यवस्था की, भूले हुए प्राणियों को सत्यमार्ग पे लाये। खूद लौंकाशाहके अनुयायी कहलाने वाला वी. मो. शी. अपनी ऐतिहासिक नोंध में भी लिखते है कि पू. मेघजी स्वामि आदि ५०० साधु लौंकागच्छ को छोड़ कर विजयहीरसुरीश्वरजी के शिष्य हो गये।

बचे हुए लोगोंने लौंकाशाहने जिन बातों का निषेध किया था उन्ही स्वीकार करके लौंकागच्छ नामक एक सम्प्रदाय बना लिया। वृद्ध अवस्था के विकृतने यही तक सन्तोष नही किया लौंकागच्छ में से भी लवजी और धर्मशी नामके निन्हवों ने पुनः मूर्ति पूजा से विद्रोह करके कुलिंग धारण करके ढूंढिया पन्थ चलाया जिसको आज स्थानकवासी तथा बाई टोले कहते है। शासनकी वृद्ध अवस्था के प्रभावसे स्थानकवासीयों में से भी शासन द्रोही स्वामि भिखुजीने तेरह पन्थ नामक सम्प्रदाय अलग निकाली। इन्होंने तो यहां तक दुःसाहस कर डाला कि—मानो इस वृद्ध शासन का खून ही कर दिया हो, भगवान महावीर स्वामि को भी चूका (पापी) कहने में लज्जित नहीं हुए। दया दान आदि धर्म के मूल तत्त्वों में भी पाप बताने लग गये। इस प्रकार इन २५०० वर्षो में महावीर के शासनकी जो दुरदशा हुई और हो रही है। यह देख कर ऐसा कौन सहृदयी होगा कि जिसके आंखों से आंसू नही आते हो ? पर क्या किया जाय संसारका स्वभाव ही परिवर्तनशील है। खैर अब भीः जीनेश्वर प्रभुसे प्रार्थना हो कि कोइ न कोई महापुरुष जन्म लेवें और शासन को फिर से नया रुप देवें। इत्यलम्

મુદ્રકઃ—હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે—અમદાવાદ
પ્રકાશકઃ / ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્ય
વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ—અમદાવાદ.

## પંચાંગભિલાષિઓને સૂચના.

અમારા તરફના શુદ્ધ ભીંતીયા જૈન પંચાંગો બહાર પડી ચુકેલ હોઇ જેમને આવશ્યકતા હોય તેમને ૧૦૦ પંચાંગ રૂા. ૨-૮-૦ ના ભાવથી આપવામાં આવશે. જેથી જરૂર પુરતા નીચેના સરનામેથી મંગાવી લેવા કે જેથી પાછળથી પસ્તાવુ પડે નહિ.

"જૈન ધર્મ વિકાસ" ૫૬/૧ ગાંધીરોડ. અમદાવાદ.

## બ...હા....ર....ના...ગ્રા....હ....કો....ને વિ....ન....વ...ણી.

અમારા કદરદાન ગ્રાહકોનું પોસ્ટ ખર્ચ બચાવવા ખાતર આ વખતે સં. ૧૯૯૮ અને સં. ૧૯૯૯, એ બન્ને સાલના લવાજમનું ભેગું રૂા. ૬-૮-૦ (ભેટના પુસ્તકોના પોસ્ટેજ ખર્ચ સાથે) નું વી. પી. માગશર માસમાં મોકલવા શરૂ કરીશુ; માટે જેમની ગ્રાહક રહેવાની ઈચ્છા ન હોય તેમણે તે પહેલા અમોને ખબર મોકલી આપવા, યા મનીઓડરથી બન્ને સાલનું લવાજમ મોકલી આપવા વ્યવસ્થા કરવી. "તંત્રી"

## વા...ચ...ક...ગ...ણ...ને......વિ...જ્ઞ...પ્તિ.

પરમ પૂજ્ય સદ્‌ગત તીર્થોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્દ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસને પોસ વદી ૩ ના વર્ષ પૂર્ણ થતું હોવાથી, અમારા તરફથી વિદ્વાન સાક્ષરોના રસિક લેખનોથી અને આચાર્યદેવના શિષ્યાદિ, મુનિ મંડળ, કાર્યો, અને અત્યંત પરિચીત ભક્તજનોના મોટી સંખ્યાના ફોટાઓથી ભરચક "જયંતિ અંક" બહાર પાડવાનો હોવાથી, તેની તૈયારી માટે ખુબજ સમયની આવશ્યક્તા હોવાથી અમો અમારો કારતક, માગશર અને પોષનો ભેગો "જયંતિ અંક" અમારા કદરદાન ગ્રાહકોના ચરણે ધરીશું. "તંત્રી"

અમારા વાંચકવર્ગનું નીચેના લખાણુ પ્રત્યે ધ્યાન ખેંચીએ છીએ.

**चेइयमठाइवासं, वसहीसु निच्चमेव संठाणं ।**
**गेअं निअवरनाणऽच्चावणमवि कणयकुसुमेहिं ॥३॥**
**तिविहं तिविहेणेअं, मिच्छत्तं वज्जियं जहिं दूरं ।**
**निच्छयओ ते सड्ढा, अन्ने उण नामओ चेव ॥४॥**

श्रीविजयलक्ष्मीसूरिविरचित उपदेशप्रासाद स्तंभ १७ व्याख्यान २५३

"ચૈત્યમાં મઠવાસીની જેમ રહે, વસ્તીમાં હમેશાં સ્થિતિ કરે, ગાયનમાં પોતાના વખાણુ ગવરાવે અને સોનૈયા વડે તથા પુષ્પો વડે પોતાની પૂજા કરાવે. આ પ્રમાણે મિથ્યા ભાવમાં વર્તતા વેષધારી સાધુઓને જે ત્રિવિધે ત્રિવિધે દૂરથી જ વર્જે છે, તેઓ નિશ્ચે ખરેખરા શ્રાવક છે. તે સિવાય બીજા તો માત્ર નામના જ શ્રાવક છે."

## વાંચકોને ?

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૮-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૩-૦-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧૫ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પ્રોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ગ્રા....હ....કો....ને વિ....ન....વ....ણી.

ગતાંકમાં સૂચવ્યા મુજબ માસિકના ગ્રાહકોને ક્રાઉન ૧૬ પેજી ૩૪૦ થી વધુ પાનાના છ પુસ્તકો ભેટ મોકલવાના શરૂ થયેલ છે. માટે સ્થાનિકે રૂા. અઢી, અને બહારગામવાળાએ રૂા. ત્રણ લવાજમના શ્રાવણ સુદિ ૧૫ સુધિમાં મોકલી મંગાવી લેવા ત્યારબા વી. પી. થી મોકલાશે.

૧ સપ્તતિશતસ્થાન પ્રકરણ, ૨ વાકય પ્રકાશ, ૩ પ્રાકૃત લક્ષણ, ૪ સઝાય સંગ્રહ, ૫ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ૧૨ મો સ્વર્ગારોહણ મહોત્સવ. ૬ ચોવીસ જીન કલ્યાણક ચૈત્યવંદન.


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પ. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઇને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૬૧૧ ગાંધી રોડ, અમદાવાદ.